શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ
सा विद्या या विमुक्तये

પ્રથમ વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા] અભ્યાસ-૯

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા :** **સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

**સૌજન્ય :** અ.સૌ. પ્રેમિલાબાઈ પ્રમોદ મોમાયા. કચ્છ સાંયરા. હાલ : ઘાટકોપર

# સૂત્ર – વિધિ અને રહસ્ય

## (મુહપત્તી પડીલેહણ-વાંદણા)

## મુહપત્તી પડીલેહણ

એક ખમાસમણ દઈ આસન ઉપર ઊભડક બેસી કહેવું : **'ઈચ્છાકારણે સંદિસહ ભગવન્ ! છેડા મુહપત્તી પડિલેહણ કરું ?'** ગુરુ કહે : **'કરેહ.'** ત્યારે શિષ્યે **'ઈચ્છં'** એમ કહી દૃષ્ટિ પડિલેહણ અર્થે ઉત્તરાસંગના છેડાનું પડિલેણ નીચે પ્રમાણેના બોલથી કરવું.

**ઉત્તરાસંગના છેડા અથવા મુહપત્તી પડિલેણના પચીસ અને શરીર પડિલેહણના પચીસ મળીને પચાસ બોલ**

| | |
|---|---|
| **સુત્તત્થ-તત્તદિટ્ઠિ હૃદયમાં ધરું.....** | **૧** |
| **સમકિતમોહની, મિશ્રમોહની, મિથ્યાત્વમોહની પરિહરું.** | **૩** |
| **કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું.** | **૩** |
| **સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું.** | **૩** |
| **કુદેવ, કુગુરુ, કુધર્મ, પરિહરું.** | **૩** |
| **જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું.** | **૩** |
| **જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના, ચારિત્ર વિરાધના પરિહરું.** | **૩** |

| | |
|---|---|
| **મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું.** | **૩** |
| **મનોદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું.** | **૩** |
| | **કુલ....૨૫** |
| **હાસ્ય, રતિ, અરતિ પરિહરું.** | **૩** |
| **શોક, ભય, દુગંચ્છા પરિહરું.** | **૩** |
| **કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા પરિહરું.** | **૩** |
| **ઋદ્ધિ ગારવ, રસ ગારવ, સાતા ગારવ પરિહરું.** | **૩** |
| **માયા શલ્ય, નિયાણ શલ્ય, મિચ્છાદંસણ શલ્ય પરિહરું** | **૩** |
| **ક્રોધ, માન પરિહરું.** | **૨** |
| **માયા, લોભ પરિહરું.** | **૨** |
| **પૃથ્વીકાય વિરાધના અપકાય વિરાધના, તેઉકાય વિરાધના, વાઉકાય વિરાધના, વનસ્પિતિકાય વિરાધના. ત્રસકાય વિરાધના હુઈ હોય, તે સવિ હું મને, વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.** | **૬** |
| | **એકંદરે : ૫૦** |

## પચ્ચાસ બોલ પડિલેહણનો વિધિ

(૧) 'સુત્તત્થ તત્તદિટ્ઠિ હૃદયમાં ધરું' એમ ચિંતવી ઉત્તરાસંગનો છેડો ઉખેડી તેનાં બંને પાસાં દૃષ્ટિથી જોઇ જવાં. પછી ઉત્તરાસંગનો છેડો ભેગો કરી જમણા હાથમાં પકડીને (૨) 'સમકિત મોહની, (૩) મિશ્રમોહની, (૪) મિથ્યાત્વમોહની પરિહરું' એમ કહી ડાબા હાથની પસલીમાંથી છેડો ઘસી કાઢવો. પછી ડાબા હાથમાં છેડો પકડીને (૫) 'કામરાગ, (૬) સ્નેહરાગ, (૭) દૃષ્ટિરાગ પરિહરું.' એમ કહી જમણા હાથની પસલીમાંથી છેડો ઘસી કાઢવો. પછી જમણા હાથમાં છેડો પકડીને (૮) 'સુદેવ, (૯) સુગુરુ, (૧૦) સુધર્મ આદરું' એમ કહી ડાબા હાથ પર ત્રણ વાર ખંખેરવો. (૧૧) 'કુદેવ, (૧૨) કુગુરુ, (૧૩) કુધર્મ પરિહરું' એમ કહી ડાબા હાથની પસલીને છેડો ત્રણ વાર ઘસી કાઢવો, (૧૪) 'જ્ઞાન, (૧૫) દર્શન, (૧૬) ચારિત્ર આદરું' એમ કહી ડાબા હાથ ઉપર છેડો લગાડ્યા વિના ત્રણ વાર ખંખેરવો. (૧૭) 'જ્ઞાન વિરાધના, (૧૮) દર્શન વિરાધના, (૧૯) ચારિત્ર વિરાધના પરિહરું' કહી ડાબા હાથની પસલીમાંથી ત્રણ વાર છેડો ઘસી કાઢવો. પછી (૨૦) 'મનોગુપ્તિ, (૨૧) વચનગુપ્તિ, (૨૨) કાયુગુપ્તિ આદરું' કહી ડાબા હાથની ઉપર છેડો લગાડ્યા વિના ત્રણવાર ખંખેરવો. (૨૩) મનોદંડ (૨૪) વચનદંડ, (૨૫) કાયદંડ પરિહરું' કહી ડાબા હાથની પસલી પર ત્રણ વાર ઉત્તરાસંગનો છેડો ઘસી કાઢવો.

આમ, સર્વ મળી ઉત્તરાસંગની અથવા મુહપત્તીની પચ્ચીસ પડિલેહણા થઇ.

(૧) 'હાસ્ય, (૨) રતિ, (૩) અરતિ પરિહરું' કહેતાં જમણે હાથે છેડો પકડી ડાબી ભુજાનું ત્રણ વાર પ્રમાર્જન કરવું. (૧) 'શોક, (૨) ભય, (૩) દુગંચ્છા પરિહરું' કહેતાં ડાબે હાથે છેડો પકડી જમણી ભુજાનું પ્રમાર્જન કરવું. (૧) 'કૃષ્ણ લેશ્યા, (૨) નીલ લેશ્યા, (૩) કાપોત લેશ્યા પરિહરું' કહીને છેડાથી મસ્તકનું પ્રમાર્જન કરવું. (૧) 'ઋદ્ધિ ગારવ, (૨) રસ ગારવ, (૩) સાતા ગારવ પરિહરું' કહીને ત્રણ

વાર મુખનું પ્રમાર્જન કરવું. (૧) 'માયા શલ્ય, (૨) નિયાણ શલ્ય, (૩) મિચ્છાદંસણ શલ્ય પરિહરું' કહી ત્રણ વાર હૃદયનું પ્રમાર્જન કરવું. (૧) 'ક્રોધ, (૨) માન પરિહરું' કહી જમણે હાથે છેડો પકડીને ડાબા પાસાનું પ્રમાર્જન કરવું. (૧) 'માયા, (૨) લોભ પરિહરું.' કહી ડાબે હાથે છેડો પકડી જમણી કોરના પાસાનું પ્રમાર્જન કરવું. (૧) 'પૃથ્વીકાય વિરાધના, (૨) અપકાય વિરાધના, (૩) તેઉકાય વિરાધના.' કહી ચરવળાથી ડાબો પગ પ્રમાર્જવો. (૪) 'વાઉકાય વિરાધના, (૫) વનસ્પતિકાય વિરાધના, (૬) ત્રસકાય વિરાધના હુઇ હોય, તે સવિ હું મને, વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં' કહી ચરવળાથી જમણો પગ પ્રમાર્જવો.

આ પ્રમાણે શરીરની પચ્ચીસ પડિલેહણા થઇ. આ પચ્ચીસ પડિલેહણામાંથી ત્રણ મસ્તકની, ત્રણ હૃદયની તથા ચાર બે પાસાંની એમ સર્વ મળીને દશ પડિલેહણા શ્રાવિકાએ કરવી નહિ. એટલે કે, તે તેને માટે સર્વ મળી ચાળીશ બોલની ચાળીસ પડિલેહણા જાણવી. વળી શ્રાવિકાએ ઉત્તરીય વસ્ત્રના છેડાથી અથવા મુહપત્તીથી પડિલેહણા કરવી.

આ પચાસ બોલમાં ઉપાદેય તેમજ હેયનો વિવેક સુંદર રીતે કરાયો છે.

પ્રવચન એ તીર્થ છે. તેના અંગરૂપ સૂત્ર અને અર્થને તત્ત્વ દૃષ્ટિએ હૃદયમાં ધારણ કરવા કહેલ છે. અને એટલે સૂત્ર અને અર્થ સત્ય છે એવી અચળ શ્રદ્ધા રાખવી. પછી તે શ્રદ્ધામાં અંતરાય કરનાર સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્ત્વ મોહનીય એ ત્રણ પ્રકારનાં મોહનીય કર્મને તજવાની ભાવના કરવાનીછે. મોહનીય કર્મમાં પણ રાગ ખાસ તજવા જેવો છે. તેમાં પહેલાં કામરાગ અને પછી સ્નેહરાગ અને અંતે દૃષ્ટિરાગ તજવાનું કહેલું છે. એ તજ્યા વિના સુદેવ, સુગુરુ, સુધર્મ સમ્યક્પણે આદરી શકાતા નથી. તેથી, ત્યાર પછી સુદેવ, સુગુરુ, સુધર્મને આદરવાની અને કુદેવ, કુગુરુ, કુધર્મને તજવાની ભાવના કરાય છે. આમ કરવાથી જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના સુંદર રીતે કરાય અને એ માટે જ્ઞાન, દર્શન, ચારિત્રની વિરાધના તજવી જ જોઇએ મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરવી જોઇએ. મનદંડ, વચનદંડ, કાયદંડ તજવા જોઇએ એવી ભાવના વ્યક્ત થયેલી છે.

આ પ્રમાણે ઉપાદેય અને હેયની ભાવના પછી ખાસ તજવા યોગ્ય અને મિથ્યા/દુષ્કૃત દેવા યોગ્ય ભાવના કરવાનું જણાવેલ છે. તેમાં પ્રથમ ચારિત્ર મોહનીય કર્મ, પ્રકૃતિથી ઉત્પન્ન થતા હાસ્યાદિકનો ત્યાગ કરવો, હાસ્ય, રતિ, અરતિ પરિહરવાની અને શોક, ભય, દુગંચ્છા પરિહરવાની ભાવના કરાય છે. તેથી ચારિત્ર નિર્મળ બને છે. ત્યાર બાદ આધ્યાત્મિક પતન કરાવનાર અશુભ અદયવસાયોની પ્રધાનતાવાળી કૃષ્ણલેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા પરિહરવામાં આવે છે. પછી સાધનામાં વિક્ષેપ નાખી આધ્યાત્મિક પતન કરાવનાર ઋદ્ધિ ગારવ, રસ ગારવ, સાતા ગારવને પરિહરવામાં આવે છે. બાદ, ધર્મ કર્તવ્યના અમૂલ્ય ફળનો નાશ કરી દેનાર માયા શલ્ય, નિયાણ શલ્ય, મિથ્યાદંશણ શલ્યને પરિહરવાની ભાવના કરાય છે.

અંતે, અનુક્રમે રાગદ્વેષના સ્વરૂપ ક્રોધ, માન, માયા અને લોભને પરિહરવાનું ભાવીને સામાયિકની સાધનાને સફળ બનાવનારી મૈત્રી ભાવનાનો બને તેટલો અમલ કરવા છ કાય જીવની વિરાધના થઇ ગઇ હોય, તેનું મિથ્યા દુષ્કૃત કરાય છે.

આ રીતે આત્મોપયોગી કર્તવ્યોમાં અનેક વખતે ઉપયોગમાં આવતા આ પચાસ બોલોમાં જીવ ઉપયોગ રાખી તે રીતે વર્તે તો જલ્દી આત્માને પરમાત્મા બનાવી શકે.

## સુગુરુ વાંદણા વિધિ :-

એ પ્રમાણે ઉત્તરાસંગના છેડાની અથવા મુહપત્તી પડિલેહણા કર્યા પછી એક ખમાસમણ દઈ ઊભા થઇ ગુરુવંદનનો આદેશ માગવો : **'ઈચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્ ! દેવસિક / રાઈ વાંદણાં દઉંજી ?'** ગુરુ કહે : **'દેહ.'** ત્યારે શિષ્યે **'ઈચ્છં'** કહી બે વાંદણાં દેવાં.

## વાંદણા દેતી વખતની સત્તર (સંડાસા) પ્રમાર્જના

વાંદણાં દેતાં સત્તર (સંડાસા) પ્રમાર્જના આ પ્રમાણે કરાય :

'નિસ્સિહિ' બોલી અવગ્રહમાં આવતાં પહેલાં ત્રણ વખત છેડા, ચરવળા કે ઓઘાથી ભૂમિ પ્રમાર્જના, (૩) જમણા પગનો કેડથી નીચેનો પગપર્યંત પાછલો સર્વ ભાગ, (૪) પાછળનો કેડ નીચેનો મધ્ય ભાગ, (૫) ડાબા પગનો પાછળનો કેડ નીચેનો પગ પર્યંત પાછળનો સર્વ ભાગ, (૬) એવી જ રીતે જમણો પગ, (૭) મધ્ય ભાગ, (૮) અને ડાબો પગ, એ ત્રણના કેડથી પગ પર્યંતના આગલા ભાગો પણ પ્રમાર્જવા. (૯) પછી ઉભડક આસને નીચે બેસી જમણા હાથમાં છેડો કે મુહપત્તિ લઇ તેનાથી લલાટની, જમણી બાજુથી પ્રમાર્જતાં જતાં આખું લલાટ, આખો ડાબો હાથ અને નીચે કોણી પર્યંત, (૧૦) તે રીતે ડાબા હાથમાં છેડો કે મુખપત્તિ લઈ ડાબી બાજુથી પ્રમાર્જતાં આખું લલાટ, આખો જમણો હાથ અને નીચે કોણી પર્યંત ચરવળા (ઓઘા)ની દાંડી સાથે, (૧૧) પછી ચરવળાના ગુચ્છા ઉપર કે જમીન ઉપર અથવા ડાબા ઢીંચણ ઉપર ત્રણ વાર, (૧૪) અને ઊઠતી વખતે ત્રણ વાર અવગ્રહથી બહાર નીકળતાં કટાસણા ઉપર છેડા, ચરવળા કે ઓઘાથી પૂંજવું. એમ સત્તર પ્રમાર્જના કરવી. ખમાસમણ દેતાં પણ એ રીતે સત્તર પ્રમાર્જના કરવી.

સુગુરુ વાંદણા સૂત્રમાં **'અહો કાયં કાય જત્તાભે જવણિ જ્જં ચભે'** એ શબ્દો નીચેની વિધિએ બોલાય.

**અ**–(નીચે સ્થાપેલા ઉત્તરાસંગના) છેડાને બે હાથે સ્પર્શ કરતાં બોલાય.
**હો**– લલાટને બે હાથે સ્પર્શ કરતાં બોલાય.
**કા**– છેડાને બે હાથે સ્પર્શ કરતાં બોલાય.
**યં**– લલાટને બે હાથે સ્પર્શ કરતાં બોલાય.
**કા**– છેડાને બે હાથે સ્પર્શ કરતાં બોલાય.
**ય**– લલાટને બે હાથે સ્પર્શ કરતાં બોલાય.
**જ** – ગુરુચરણ બુદ્ધિએ છેડાને બે હાથે સ્પર્શ કરતાં અનુદાત્ત સ્વરે બોલાય.
**ત્તા**– છેડા અને લલાટ વચ્ચે બે હાથ ચત્તા કરતાં સ્વરિત સ્વરે બોલાય.
**ભે**– લલાટને બે હાથે સ્પર્શ કરતાં ઉદાત્ત સ્વરે બોલાય.
**જ**– છેડાને બે હાથે સ્પર્શ કરતાં અનુદાત્ત સ્વરે બોલાય.
**વ**– બે હાથ મધ્ય ભાગમાં ચત્તા કરતાં સ્વરિત સ્વરે બોલાય.
**ણિ**– લલાટને બે હાથે સ્પર્શ કરતાં ઉદાત્ત સ્વરે બોલાય.
**જ્જં**– છેડાને બે હાથે સ્પર્શતાં અનુદાત્ત સ્વરે બોલાય.
**ચ**– બે હાથ મધ્યમાં ચત્તા કરતાં સ્વરિત સ્વરે બોલાય.
**ભે**– બે હાથે લલાટને સ્પર્શતાં ઉદાત્ત સ્વરે બોલાય.

# સુગુરુ વાંદણા સૂત્ર

ઈચ્છામિ ખમાસમણો! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ, ૧
અણુજાણહ, મે મિઉગ્ગહં. ૨
નિસીહિ અ-હો-કા-યં, કા-ય-સંફાસં ખમણિજ્જો ભે કિલામો.
અપ્પકિલંતાણં બહુસુભેણ ભે દિવસો વઈક્કંતો ? ૩
જત્તા ભે ? ૪
જવણિજ્જં ચ ભે ? ૫
ખામેમિ ખમાસમણો ! દેવસિઅં વઈક્કમં. ૬
આવસ્સિઆએ, પડિક્કમામિ

ખમાસમણાણં દેવસિઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ, જં કિ ચિ મિચ્છાએ, મણદુક્કડાએ, વય દુક્કડાએ કાયદુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ, સવ્વકાલિઆએ, સવ્વમિચ્છોવયારાએ, સવ્વધમ્માઈક્કમણાએ, આસાયણાએ.

જો મે દેવસિઓ આઈચારો, કઓ, તસ્સ ખમાસમણો ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

શબ્દાર્થ :–

**ઈચ્છામિ :** હું ઈચ્છું છું
**ખમાસમણો ! :** હે ક્ષમાવંત !
**વંદિઉં :** વંદન કરવાને /વાંદવાને
**જાવણિજ્જાએ :** યથાશક્તિ
**નિસીહિઆએ :** પાપ રહિતપણે
**અણુજાણહ :** આજ્ઞા આપો
**મે :** મને
**મિઉગ્ગહં :** મિત અવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણવાળા ક્ષેત્રમાં પ્રવેશ કરવાને)
**નિસીહિ :** પાપવાળાં કામોનો નિષેધ કરું છું.
**અહોકાયં :** આપની નીચેની કાયારૂપ ચરણને
**કાયસંફાસં :** શરીરથી સ્પર્શ કરતાં (બાધા થાય તો)
**ખમણિજ્જો :** તે ખમજો
**ભે ! :** હે ભગવંત !
**કિલામો :** ખેદ બાધા થઈ હોય તે
**અપ્પકિલંતાણં :** થોડા થાકવાળા એવા આપને.
**બહુસુભેણ :** ઘણા શુભ ભાવમાં
**ભે ! :** હે ભગવંત !
**દિવસો :** દિવસ
**વઈક્કંતો ? :** વ્યતીત થયો ?
**જત્તા :** તપ, સંયમરૂપ યાત્રા.
**ભે ? :** ભગવંત ?
**જવણિજ્જં ચ :** પાંચ ઈન્દ્રિય અને મનનો ઈન્દ્રિયથી પીડા નહિ પામતું એવું શરીર.
**ભે :** આપનું
**ખામેમિ :** ખમાવું છું.
**ખમાસમણો ! :** હે ક્ષમાશ્રમણ !
**દેવસિઅં :** દિવસ સંબંધી
**વઈક્કમં :** અપરાધને
**આવસ્સિઆએ :** આવશ્યક ક્રિયા કરતાં લાગેલા દોષને
**પડિક્કમામિ :** હું પડિક્કમું છું /પાપથી પાછો હઠું છું.
**ખમાસમણાણં :** ક્ષમાશ્રમણ સંબંધી
**દેવસિઆએ :** દિવસે થયેલી
**આસાયણાએ :** આશાતનાને
**તિતીસન્નયરાએ :** તેત્રીસ આશાતનામાંથી
**જં કિંચિ :** જે કાંઇ

**મિચ્છાએ :** મિથ્યા ભાવરૂપ આશાતના વડે
**મણદુક્કડાએ :** મન સંબંધી પાપરૂપ આશાતના વડે
**વયદુક્કડાએ :** વચન સંબંધી પાપરૂપ આશાતના વડે.
**કાયદુક્કડાએ :** શરીર સંબંધી પાપરૂપ આશાતના વડે
**કોહાએ :** ક્રોધરૂપ આશાતનાથી
**માણાએ :** માનરૂપ આશાતનાથી
**માયાએ :** માયારૂપ આશાતનાથી
**લોભાએ :** લોભરૂપ આશાતનાથી
**સવ્વ કાલિઆએ :** સર્વ કાળ સંબંધી
**સવ્વ મિચ્છોવયારાએ :** સર્વ મિથ્યા ઉપચાર કૂડકપટ રૂપ આશાતના વડે
**સવ્વ ધમ્માઇક્કમણાએ :** સર્વ ધર્મ (આઠ પ્રવચનમાતા રૂપ) કરણીને અતિક્રમણવા રૂપ આશાતનાથી
**આસાયણાએ :** આશાતનાએ કરીને
**જો :** જે
**મે :** મેં
**દેવસિઓ :** દિવસ સંબંધી
**અઈયારો :** અતિચાર /દોષ
**કઓ :** કર્યો હોય
**તસ્સ :** તે
**ખમાસમણો !** એ ક્ષમાશ્રમણ !
**પડિક્કમામિ :** હું પડિક્કમું છું.
**નિંદામિ :** નિંદુ છું /મનથી પશ્ચાત્તાપ કરું છું.
**ગરિહામિ :** ગુરુ સાક્ષીએ પ્રગટપણે નિંદુ છું.
**અપ્પાણં :** આત્માને /શરીર વ્યાપારને
**વોસિરામિ :** વોસિરાવું છું. /ત્યાગ કરું છું.

**ગાથાર્થ : હે ક્ષમાશ્રમણ ! આપને હું શક્તિ પ્રમાણે પાપ રહિતપણે વંદન કરવાને ઈચ્છું છું.....૧**

**મિત અવગ્રહમાં (સાડાત્રણ હાથ પ્રમાણ જગ્યામાં) મને પ્રવેશ કરવાની આજ્ઞા આપો. ૨.**

**ગુરુવંદન સિવાય અન્ય ક્રિયા નિષેધીને, આપની નીચેની કાયારૂપ ચરણને મારા હાથ અને મસ્તકથી અડકવાથી, હે ભગવંત ! આપને કાંઈપણ બાધા પીડા થઈ હોય તે ખમજો. થોડા થાકવાળા હે ભગવંત ! ઘણા શુભ ભાવમાં આપનો દિવસ વીત્યો..છે ?...........૩**

**હે ભગવંત ! આપનાં તપ, સંયમ, નિયમ અને સ્વાધ્યાયરૂપ યાત્રા બાધા પીડા રહિત વર્તે છે ?..૪**

**આપનું શરીર પાંચ ઈન્દ્રિય અને મન-નોઈન્દ્રિયથી પીડા નહિ પામતું એવું છે ?...............૫**

**હે ક્ષમાશ્રમણ ! દિવસ સંબંધી મારા અપરાધને હું ખમાવું છું....................................૬**

**આવશ્યક ક્રિયા કરતાં લાગેલા દોષથી હું પાછો હઠું છું. આપ ક્ષમાશ્રમણની દિવસ સંબંધી તેત્રીશ આશાતનામાંથી કોઈપણ આશાતના દ્વારા જે કોઈ મિથ્યાભાવરૂપ આશાતનાએ કરીને, મન સંબંધી પાપરૂપ આશાતનાએ કરીને, વચન સંબંધી પાપરૂપ આશાતનાએ કરીને, કાયાસંબંધી પાપરૂપ આશાતનાએ કરીને, ક્રોધરૂપ આશાતનાએ કરીને, માનરૂપ આશાતનાએ કરીને, માયારૂપ આશાતનાએ કરીને, લોભરૂપ આશાતનાએ કરીને, સર્વ કાળ સંબંધી સર્વ મિથ્યા ઉપચાર કૂડકપટરૂપ આશાતનાએ કરીને, સર્વ ધર્મ તે આઠ પ્રવચનમાતારૂપ કરણીને અતિક્રમવારૂપ આશાતનાએ કરીને.**

**દિવસ સંબંધી મેં જે અતિચાર /દોષ કર્યો હોય, તે સંબંધી હે ક્ષમાશ્રમણ ! હું પડિક્કમું છું / મનથી પશ્ચાત્તાપ કરું છું. ગુરુસાક્ષીએ પ્રગટપણે નિંદુ છું. અને મારા આત્માને / શરીર વ્યાપારને વોસિરાવું છું / ત્યાગ કરું છું.**

(**ભાવાર્થ :** આ સૂત્રથી ગુરુને બાર આવર્તપૂર્વક વંદન કરવામાં આવે છે અને દૈવસિકાદિક આશાતનાદિ દોષો ખમાવવામાં આવે છે અને સંયમયાત્રા સુખશાંતિથી થાયછે ? ઈત્યાદિ પૂછાય છે.)

# શ્રાવક કોને કહીયે ?

## ૧૬ વિશેષજ્ઞ

પુણ્ય જાગ્યા... પાપ ભાગ્યા... અને માનવ ભવ મળી ગયો.... પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય થયો... જયવંતા જિનશાસનને પામવાનું સદ્‌ભાગ્ય મળ્યું... આવી જડી ગયેલી વિરલ તક નિષ્ફળ ન જાય એ માટે આપણે પુરુષાર્થ કરવો રહ્યો. પામેલા જિનશાસનને સફળ બનાવવા ગુણોના સ્વામી બનવું અનિવાર્ય છે. શ્રાવક યોગ્ય ગુણોનો વિચાર કરતા આપણે પંદર ગુણોનો વિચાર કર્યો. હવે પ્રસ્તુત છે સોળમો ગુણ :–

**વત્થૂણં ગુણદોસે લક્ખેઈ અપક્ખવાય ભાવેણ,**
**પાએણ વિસેસન્નૂ ઉત્તમ ધમ્મારિહો તેણ.૨૩**

વિશેષજ્ઞ પુરુષ અપક્ષપાતપણે કરી વસ્તુઓના ગુણ દોષ જાણી શકે છે. માટે પ્રાયે કરીને તેવો પુરુષ જ ઉત્તમ ધર્મને યોગ્ય છે...૨૩

---------

હે સાધક ! જો તને ઉત્તમ ધર્મને આરાધવો છે તો તારે વિશેષજ્ઞતાના સ્વામી બનવું પડશે...

આંખ મળી એટલે જોઇ શકીએ છીએ...

બુદ્ધિ મળી એટલે વિચારી શકીએ છીએ...

જીભ મળી એટલે બોલી શકીએ છીએ....

પણ આ બધામાં જો વિશેષજ્ઞતા મળીજાય તો આત્મા સરળતાથી ભવસાગર તરી જાય... આવી કઇ વિશેષતા છે વિશેષજ્ઞતામાં ? એ જણાવતા કહે છે...

વિશેષજ્ઞ તટસ્થ દ્રષ્ટિવાળો હોય છે... એની પાસે પક્ષપાતી દષ્ટિનથી હોતી. જે વસ્તુ જેવી છે તેવી જાણી શકે છે.

તેવી જ રીતે વિશેષજ્ઞ વસ્તુના ગુણ અને દોષ બન્ને જાણનારો હોય છે.

આપણે બેસતા વરસની મંગળ પ્રભાતે શાલીભદ્રની ઋદ્ધિ માગીએ છીએ... મમ્મણ શેઠની નહીં... કેમ ?

શાલીભદ્ર પાસે વિશેષજ્ઞતા હતી... તેઓ સંપત્તિના ગુણ અને દોષ બન્નેને જાણતા હતા. તેથી જ સંપત્તિ ભોગવી પણ જાણી અને સમય આવે સંપત્તિને ત્યાગી પણ જાણી.

મમ્મણ શેઠની પાસે સંપત્તિ હતી પણ વિશેષજ્ઞતાનો અભાવ હતો તેથી તેઓ સંપત્તિ ભેગી કરી જાણ્યા પણ ભોગવી ના શક્યા અને ત્યાગી પણ ન શક્યા.

સંપત્તિ મેળવવા વિશેષજ્ઞતાની આવશ્યકતા નથી હોતી પણ એના સદુપયોગ માટે વિશેષજ્ઞતા અનિવાર્ય છે.

જેવી વાત સંપત્તિ માટે એવી જ વાત સત્તા અને બુદ્ધિ માટે અને પ્રત્યેક ઈન્દ્રિયના વિષયો માટે જાણવી.

પુણ્યના ઉદયથી સત્તા મળી જાય પણ પછી જો જીવ વિશેષજ્ઞતાનો સ્વામી બને તો સત્તાના સદુપયોગ દ્વારા આલોક પરલોક બન્નેને સુધારી શકે છે. પણ વિશેષજ્ઞતાનો અભાવ એને નરકમાં પણ મોકલવા સમર્થ હોય છે.

છ ખંડના અધિપતિ બન્યા પછી ભરત

મહારાજા અને સનત્ચક્રવર્તી જેવા વિશેષજ્ઞતાના બળે ભવસાગર તરી ગયા. જયારે છ ખંડના અધિપતિ બનીને વિશેષજ્ઞતાના અભાવે બ્રહ્મદત્ત ચક્રવર્તી તથાસુભુમ ચક્રવર્તી જેવા જીવન હારી ગયા.

અભયકુમાર પાસે બુદ્ધિ હતી... બિરબલ પાસે બુદ્ધિ હતી... છતાં આપણે અભયકુમારની બુદ્ધિ માગીએ છીએ.... બિરબલ જેવી કેમ નહિં ?

આજના માનવી પાસે ક્યાં બુદ્ધિ ઓછી છે ? આજનું બાળક પણ તીવ્ર બુદ્ધિ ધરાવે છે પણ એની બુદ્ધિ કેવળ વર્તમાન જીવનના ભૌતિક સુખો જ જોઇ શકે છે. એમાં ક્યાંય વિશેષતાના દર્શન નથી થતા.

ભોગોની ભૂતાવળ પાછળના રોગો નથી દેખાતા...

સત્તા અને સંપત્તિનીક્ષણભંગૂરતા એને નથી સમજાતી...

વિષયોના વિષ ભરેલા જામમાં મોતના દર્શન નથી થતા...

કષાયોના કડવા ઘુંટડાથી મળતા વિપરીત વિપાક નથી દેખાતા...

જયાં સુધી પક્ષપાતી દૃષ્ટિ હશે ત્યાં સુધી આ બધું શક્ય નથી... સામાન્ય જીવનમાં પણ નજર કરો તો સમજાશે કે જયારે કોઇ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે રાગ ઉદ્ભવે છે ત્યારે આપણને એમાં ગુણોનાજ દર્શન થાય છે એમાં આપણને ક્યારેય દોષો દેખાતા નથી.

આવી દૃષ્ટિથી જ આપણે અનાદિ કાળથી સંસારમાં રખડ્યા છીએ... રઝળ્યા છીએ. આ રઝળપાટનો અંત લાવવો હોય તો પક્ષપાતી દૃષ્ટિને છોડી જીવન વિશેષજ્ઞતાથી જોડી દઇએ.

અનાદિથી આપણને જડના ગુણો જોવાની અને ચેતનના દોષ જોવાની આદત લાગેલી છે. આદતને ફેરવીને હવે ચેતનના ગુણ જોવાની અને જડના દોષ જોવાની આદતને કેળવવી પડશે. વિશેષજ્ઞતાના અભાવે જ જીવને અસાર સંસાર સારભૂત લાગે છે. સંસારના રંગરાગની અને ભોગવિલાસની અસારતા અને નિરર્થકતા સમજાવવા પૂર્વાચાર્યોએ મધુબિન્દુનું સુંદર દૃષ્ટાંત જણાવ્યું છે એ વિશેષજ્ઞતાથી જાણવા જેવું છે.

એક ભયાનક જંગલ છે...

એક મુસાફર જંગલમાંથી જઇ રહ્યો છે...

અચાનક એની પપાછળ જંગલી હાથી પડ્યો... જો મુસાફર હાથમાં આવે તો ખલાસ કરી નાખું... મુસાફર જીવ બચાવવા દોડવા લાગ્યો... દોડતા દોડતા એની નજરમાં વિશાળ વડની વડવાઇઓ આવી. હાથીથી બચવા વડવાઇ પકડી અદ્ધર લટકવા લાગ્યો... ઉપર લટકતાં નીચે નજર કરી તો મોટો કૂવો દેખાયો. કુવામાં ચાર મહાન અજગર દેખાયા જે મુખ ફાડી મુસાફરને કોળીયો કરવા તૈયાર છે.

મુસાફર ઉપર નજર કરી તો કાળા–ધોળાં ઉંદરો વડવાઇઓને કાપતા દેખાયા. ત્યાં હાથી આવી પહોંચ્યો... પોતાની સૂંઢથી ઝાડને જોરજોરથી હલાવવા લાગ્યો... ઝાડને હલાવવાથી ડાળી ઉપર રહેલા મધપૂડામાંથી મધનાં ટીપાં મુસાફરના મુખમાં પડવા લાગ્યા. ટીપામાં મુસાફર એવો મોહી ગયો કે બધાજ દુઃખોને ભૂલી ગયો.. પોતાની ભયાનક સ્થિતીને પણ ભૂલી ગયો.

તેટલામાં એક દેવ પોતાના દેવવિમાનમાં એ માર્ગથી જઇ રહ્યો હતો. મુસાફરની ભયાનક પરિસ્થિતી જોઇ એને દયા આવી. મુસાફરને બચાવવા એની પાસે આવી એને વડવાઇ છોડી વિમાનમાં બેસી જવા જણાવ્યું. પણ મધુબિંધુના સ્વાદમાં પાગલ બનેલા મુસાફરને દેવની વિનંતિ ન સ્વીકારી અંતે ડાળી તુટી પડતા કૂવામાં પડી અજગરનો કોળિયો થયો.

આવો ! વિશેષજ્ઞતાથી આખા રૂપકને સમજવા પ્રયત્ન કરીએ –

ભયાનક જંગલ જેવો આ સંસાર છે...

મુસાફર તે આપણો આત્મા છે...

ક્રોધ–માન–માયા–લોભ રૂપ ચાર અજગરો છે...

વડવાઇ તે આપણું આયુષ્ય છે....

કાળા–ધોળા ઉંદર તે શુકલ અને કૃષ્ણ પક્ષ છે...

દેવવિમાનમાં બેઠેલા દેવ તે ઉપકારી ગુરુભગવંત છે...

જે જીવ વિશેષજ્ઞતાથી અસાર સંસારના સાચા સ્વરૂપને ઓળખી લે છે... સમજી લે છે તે સુદેવ–સુગુરુ અને સુધર્મનું શરણું સ્વીકારી ભવસાગર તરી જાય છે... જેની પાસે વિશેષજ્ઞતાનો અભાવ છે તે જીવ મધુબિંદુ જેવા વિષયસુખોમાં લલચાઇને અનંત સંસારમાં દુઃખ અને દુર્ગતિને ભોગવનારો બને છે.

અનાદિની આપણી ભૂલને વિશેષજ્ઞતાના ગુણને પામીને સુધારવા કટિબદ્ધ બનીએ...મળેલા શ્રાવક કુળને અજવાળી આત્મકલ્યાણની કેડિએ પ્રયાણ કરીએ.

––––––

શ્રાવકનું જીવન બની જાય ગુણોનું ધામ એ માટે પૂર્વાચાર્યોએ એકવીસ ગુણો જણાવ્યા. આપણે સોળ ગુણોને સમજવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો... હવે આગળ વધીએ શ્રાવકનો સત્તરમો ગુણ શું કહે છે?

## ૧૭ વૃદ્ધાનુસારીતા.

શ્રાવકનો સત્તરમો ગુણ વૃદ્ધાનુસારીતાને પ્રગટાવવાની વાત જણાવે છે.

**વુઢો પરિયણ બુદ્ધી પાવાચારે પવત્તઈ નેવ,**
**વુઢાણુગો વિ એવં સંસગ્ગકિયા ગુણા જેણ.૨૪**

વૃદ્ધ પુરુષ પાકી બુદ્ધિવાળો હોવાથી પાપાચારમાં નહિ જ પ્રવર્તે. એ રીતે તેની પાછળ ચાલનાર હોય તે પણ પાપાચારમાં નહિ પ્રવર્તે. કેમકે સોબત પ્રમાણે ગુણ આવેછે. ૨૪.

અહીં શ્રાવક બનવા માટે વૃદ્ધ પુરુષોને અનુસરવાની વાત જણાવે છે. પ્રથમ આપણે વિચારીએ વૃદ્ધ કોને કહેવાય ?

જેની ઉંમર મોટી છે... વાળ ધોળા થઇ ગયા છે... દાંત પડી ગયા છે... હાથ–પગ ધ્રુજી રહ્યા છે... કમરથી વાંકા વળી ગયા છે... આપણે એને જ વૃદ્ધ માનીએ છીએ.

પણ જ્ઞાની મહાત્માઓની દૃષ્ટિ શબ્દનો અર્થ કરવામાં ઘણી સૂક્ષ્મ–તીક્ષ્ણ વિશાલ અને ગહન હોય છે... જ્ઞાની પુરુષોએ વયોવૃદ્ધની સાથે જ્ઞાનવૃદ્ધ... સંયમવૃદ્ધ... તપવૃદ્ધ... ધ્યાનવૃદ્ધ એવા અનેક વૃદ્ધોની વાત જણાવી છે... અહીં જે વૃદ્ધોની વાત જણાવી છે એમાં સ્પષ્ટ જણાવ્યું છે

જેઓ પરિપકવ બુદ્ધિના સ્વામી છે...

જેઓ પાપાચારમાં ક્યારેય પ્રવર્તતા નથી...

એવા વૃદ્ધોનો સંગ કરવામાં આવે એમના જણાવેલા અને આચરેલા માર્ગને અનુસરવામાં આવે તો જીવનમાં ધર્મને પામીને પચાવવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે....

જીવનમાં જયારે પાકટતા ન હોય... બુદ્ધિની પરિપકવતા ન હોય ત્યારે જીવ ગંભીરતા પૂર્વક વાતને વિચાર્યા વગર... પરિણામનો વિચાર કર્યા વગર... ઉતાવળીયો નિર્ણય લઇ લે છે. અને અંતે એને પસ્તાવવાનો વખત આવે છે.

તેવી જ રીતે વૃદ્ધોની પાસે જીવનમાં મેળવેલો મહત્વનો અનુભવનો ખજાનો હોય છે તેથી તેઓ પાપથી દુઃખ–અપયશ અને દુર્ગતિની પ્રાપ્તિને જાણનારા હોય છે. તેથી તેવી પાપપ્રવૃત્તિથી નિવૃત્ત થયેલા હોય છે. પુણ્યથી સુખ, યશકીર્તિ અને

સદ્ગતિને જાણીને તેવા સદાચાર યુક્ત માર્ગમાં પ્રવૃત્તિ કરનારા હોય છે...

જેઓ આવા વૃદ્ધોને અનુસરનારા હોય છે તેઓ સ્વયં પાપકાર્યોથી અને દૂરાચારથી દૂર થઇ જાય છે અને સન્માર્ગના સાચા સાધક આરાધક બની આત્મકલ્યાણ સાધનારા હોય છે.

આપણે કોના સંગમાં રંગાયેલા છીએ ? આ સંગનો રંગ આપણને ક્યાં લઈ જશે ? ઉગારશે કે ડૂબાડશે ? એ વિચારવાનો સમય આવી ગયો છે.

***

**ધો**ળકા નગરી...

વિસળદેવ રાજા...

સિંહ હતા રાજા વિસળદેવના મામા..

સિંહ એકદા રસ્તા ઉપરથી પસાર થતા હતા... ઉપાશ્રય પાસેથી નિકળતા મસ્તક ઉપર ધૂળ પડી... ઉપર જોતાં બાળસાધુ દેખાયા... ક્રોધમાંપાગલ સિંહે ઉપાશ્રયમાં જઇ બાળસાધુને તમાચો માર્યો. ઉપાશ્રયમાં હાજર શ્રાવક–શ્રાવિકા સમસમી ઉઠ્યા પણ કોઇ કશું જ ન બોલ્યું.

થોડો સમય વીત્યો વસ્તુપાળ મંત્રી ગુરુવંદન કરવા આવ્યા... ગુરુભગવંત કશું જ ન બોલ્યા પણ શ્રાવક–શ્રાવિકાઓએ મંત્રીશ્વરને બનેલી ઘટના જણાવી. વસ્તુપાળ વાતને સહન ન કરી શકયા. એમણે કહ્યું ‘‘ત્યાગી ને તમાચો એ મંત્રી પદ સામે મોટો પડકાર છે. જાઓ, જે મર્દ હોય તે જાય અને જે હાથથી મુનિને તમાચો માર્યો એની પાંચે પાંચ આંગળીઓ કાપી નાંખો.’’

વસ્તુપાળ મંત્રીના પડકારને ઝીલીને કેટલાક ધર્મપ્રેમી યુવાનો સિંહના મકાને ગયા અને એની આંગળીઓ કાપી નાંખી.

સિંહ પહોંચ્યા રાજા વિસળદેવ પાસે. રાજાને વાત કરી વસ્તુપાળને કેદ કરવાની વાત જણાવી. મામા સિંહનું સાંભળી વિસળદેવે વસ્તુપાળને કેદ કરવા અશ્વરાહીને મોકલ્યો...

વસ્તુપાળની હવેલી જૈન અજૈન આગેવાનોથી ખીચોખીચ ભરેલી હતી... માર્ગમાંજ અશ્વારોહીને અટકાવી કહ્યું– ‘‘જા તારા રાજાને અમારો સંદેશો પહોંચાડ જે. – ‘‘મામા ના ભરોસે એના ભરાવ્યા પગલા ભરશો નહીં, કોઈ શાણા માણસની સલાહ લઈ રાજ કરજો નહીં તો પરિણામ ભયંકર આવશે.’’

અશ્વારોહીએ રાજા વિસળદેવને સમાચાર આપ્યા. રાજા શાંત થવાને બદલે વધારે ઉશ્કેરાયા. કદાગ્રહ વશ થઈને એમણે સેનાપતિ અને લશ્કરને મંત્રીશ્વરને કેદ કરવાની આજ્ઞા કરી.

ત્યાં વિચક્ષણ અનુભવી વૃદ્ધ રાજ પુરોહિત આવ્યા એમણે રાજાને ઘણું સમજાવી આજ્ઞા પાછી ખેંચાવી.

સેનાપતિ અને સૈન્ય પોતાની તલવાર રાજાને સોંપી નોકરી છોડવા તૈયાર થયા. લોકપ્રિય અને પ્રજાવત્સલ મંત્રીશ્વરનો વાળ વાંકો કરવા કોઈની તૈયારી નથી.

રાજપુરોહિતે વિસળદેવને કહ્યું – ‘‘રાજન્ ! કેવું અવિચારી પગલું ભર્યું... વસ્તુપાળને તમારા દાદાએ કોહીનૂરના હિરાની ઉપમા આપી છે... તમારા પિતા વીરધવળે ક્યારેય વસ્તુપાળની સલાહ અવગણી નથી... તેમને તમે પકડીને જેલમાં પૂરવા તૈયાર થયા છો ? કાંઇક વિચાર કરો. નહીં તો પરિસ્થિતી હાથમાંથી નિકળી જશે... બગડી જશે..’’

રાજપુરોહિતની વાત વિચારી પરિસ્થિતીને થાળે પાડવા રાજાએ મહેલના ઝરુખામાંથી પ્રજાજનોને સંબોધતા કહ્યું – ‘‘પ્રિય પ્રજાજનો ! તમે સહુ નિર્ભય બનો... તમને કે તમારા ધર્મને મારા જીવતા ક્યારેય ઉની આંચ પણ નહીં આવે.

મારા મામા સિંહે ઉતાવળ કરી છે. આવેશમાં આવી ગંભીર ભૂલ કરી છે જેની સજા તેઓ ભોગવી રહ્યા છે. હું તેમની ખાતર ક્યારેય મારી પ્રજાને દુઃખી નહીં કરું.''

પ્રજાજનોને રાજાની વાત સાંભળી સંતોષ થયો. સહુ રાજા વિસળદેવની જય બોલાઇ વિખરાઇ ગયા.

જો વીસળદેવ રાજાએ પ્રથમથી જ વિચારી પગલું ભર્યું હોત... યોગ્ય વ્યક્તિથી સલાહ લીધી હોત તો આવી ભયંકર પરિસ્થિતિનું સર્જન ન થયું હોત...

આપણા જીવનમાં જયારે આવી ઘટનાઓ બને છે ત્યારે આપણે આત્મનિરીક્ષણ કરવું જોઇએ કે મારી ભૂલ ક્યાં થાય છે. ઘણા કલેશ અને કંકાસના મૂળમાં કોકની ચઢામણી કે અવળી શિખામણ કામ કરી જતી હોય છે. આપણા જીવનમાં આવું કશું ન બને એ માટે સદૈવ સમજુ... શાણા... ગંભીર... અને પરિપકવ બુદ્ધિવાળા સદાચારી વ્યક્તિની યોગ્ય સલાહ લેવી જોઇએ.

આજે દુનિયામાં બેને ઝગડાવીને તમાશો જોવામાં આનંદ આવતો હોય છે. પણ આપણે તટસ્થ બનીને યોગ્ય વ્યક્તિની યોગ્ય સલાહ વિચાર કરીને અંગીકાર કરીએ તો પ્રાયઃ આવી તક બીજાઓને મળતી નથી.

બૃહદ્ શાંતિમાં એથી જ તો ''મહાજનો યેન ગતા સ પંથા...'' એમ કહેવાયું છે.

માનવ ભવ... વીતરાગનું શાસન પામ્યા પછી મહાપુરુષોએ જે માર્ગે પ્રયાણ કર્યું છે એવા માર્ગને અનુસરવા કટિબદ્ધ બનીએ. પ્રમાદને ત્યાગી... સદ્ પંથના રાગી બની મહાજનોના ચિંધેલા માર્ગના સફળ મુસાફર બનવા વૃદ્ધાનુસારીતાના ગુણને જીવનમાં વિકસાવવા ઉદ્યમવંત બનીએ.

****

માનવ ભવ... જિનશાસન પામ્યા પછી શ્રાવક બનવા માટે સાચો પુરુષાર્થ કરવાનો છે. આ પુરુષાર્થ કેવળ બાહ્ય ક્રિયાકાંડ સુધીજ મર્યાદિત નથી પણ એમાં જીવનમાં ગુણોને વિકસાવવાની વાત છે. આપણે શ્રાવક બનવા માટેના ગુણોની વિચારણા કરી રહ્યા છીએ. આ ગુણોની વિચારણા કરી... ચિંતન મનન કરી જીવનમાં સ્થિર કરવાનો પ્રયાસ આદરવાનો છે. જિનશાસનમાં વ્યક્તિ પૂજાનું નહી પણ ગુણ પૂજાનું મહત્વ છે.

આવો, નવા ગુણોને જીવનમાં પ્રવેશ આપી આગળ વધીએ.

## ૧૮ વિનય

**વિણઓ સવ્વગુણાણં મૂલં સન્નાણદંસણાઈ ણં;**
**સુક્ખસ્સય તે મૂલં તેણ વિણઓ ઈહ પસત્થો .૨૫**

વિનય એજ સમ્યક્જ્ઞાન, દર્શન વગેરે સઘળા ગુણોનું મૂળ છે. અને તે ગુણોજ સુખનાં મૂળ છે. તેથી અહીં વિનીતને પ્રશસ્ત ગણ્યો છે.

જિનશાસનમાં આરાધનાની શરૂઆત નવકાર મહામંત્રથી થાય છે અને નવકાર મહામંત્રનો પ્રથમ શબ્દ જ આપણને નમવાની વાત જણાવે છે. જેને નમતા ન આવડે એને નવકાર ન આવડે અને જેને નવકાર ન આવડે એ જૈન ન કહેવાય. નવકાર મહામંત્ર એજ જૈન શ્રાવકની પ્રાથમિક ઓળખાણ છે. ચાલો આપણે આપણા જીવનમાં ''વિનય''નું સ્થાન ક્યાં છે ? એને જાણવા પ્રયત્ન કરીએ..

ઘરમાં વડિલોનો માતા-પિતાનો વિનય...

નિશાળમાં (સ્કુલ-કોલેજમાં) જ્ઞાનદાતા ગુરુજનોનો વિનય...

વ્યવહારમાં ધંધે ચઢાવનાર... પૈસા કમાવવાની ન્યાય-નીતિપૂર્વક હિતશિક્ષા આપનાર સ્વામિનો વિનય...

ઉપાશ્રયમાં ધર્મનો મર્મ સમજાવનાર ગુરુભગવંતનો વિનય...

દેરાસરમાં અનંત ઉપકારી અરિહંત પરમાત્માનો વિનય...

જેને પોતાના મળેલા માનવ ભવને સફળ બનાવવું હોય... આત્મકલ્યાણ સાધવું હોય એણે આ સર્વ સ્થાનોમાં વિનય અચૂક જાળવવો જ જોઇએ. વિનય વિના ઉપકારી મહાત્માઓ પ્રત્યે પણ હૃદયમાં બહુમાન જાગૃત થતું નથી. બહુમાન ન જાગે તો સન્માન અને સત્કારમાં પણ ખામી આવી જાય છે. જીવનમાં ઉપકારીઓ પ્રત્યે... ગુણીજનો પ્રત્યે વિનય–બહુમાન ન હોય તો આત્મ વિકાસ કેમ સંભવિત બનશે ?

વિનય જ્ઞાનનું મૂળ છે...

વિનય ધર્મનું મૂળ છે....

વિનય જીવન વિકાસનું મૂળ છે...

મગધ સમ્રાટ્ શ્રેણિક... ચાંડાળ પાસેથી વિદ્યા ભણી રહ્યા છે. દિવસો ઉપર દિવસો વીતવા લાગ્યા. પણ શ્રેણિક મહારાજાને વિદ્યા આવડતી નથી. એક દિવસ અભયકુમારે દશ્ય જોયું મહારાજા સિંહાસન ઉપર બિરાજમાન છે... ચાંડાળ નીચે બેસી પાઠ ભણાવી રહ્યો છે. અભયકુમાર સમજી ગયા કે શ્રેણિક મહારાજાને વિદ્યા કેમ આવડતી નથી.

અભયકુમાર શ્રેણિક મહારાજાના ચરણોમાં નમસ્કાર કરી બોલ્યા– '' પિતાજી ! અવિનય થાય તો ક્ષમા કરજો પણ આ રીતે ભણશો તો વિદ્યા ક્યારેય નહિ આવે. વિદ્યા ભણવી હોય તો વિદ્યાગુરુનો વિનય કરવો પડશે. તમે રાજા છો એ ભૂલવું પડશે... સામે ચાંડાળ છે એ પણ ભૂલવું પડશે. હું શિષ્ય છું... અને મારી સામે વિદ્યાદાતા ગુરુ છે એમ સમજવું પડશે. આપને નીચા આસને બેસવું પડશે... વિદ્યાગુરુને ઉચ્ચ આસને બિરાજમાન કરવા પડશે... ગુરુની પાસે સવિનય મંત્ર સ્વીકારી આરાધવો પડશે. તોજ વિદ્યા આવડશે. એના વિના વિદ્યાની પ્રાપ્તિ સંભવીત નથી. વિદ્યા વિનયથી શોભે છે. અને આવે છે.

અભયકુમારની વાતનો શ્રેણિક મહારાજે સ્વીકાર કર્યો અને જાણે ચમત્કાર થયો હોય તેમ મગધ સમ્રાટને વિદ્યાની પ્રાપ્તિ થઇ ગઇ. આપણને પણ જ્ઞાન સાધના કે ધર્મ સાધના કરવી હશે તો વિનય ગુણને જીવનમાં આરાધવો પડશે.

વિનયના ગુણમાં વેરીને પણ વશ કરવાની તાકાત છે. પરાયાને પણ પોતાના બનાવવાની શક્તિ છે. એટલે જ તો વિનયને વશીકરણ કહેવામાં આવ્યું છે. એક વખત જો જીવનમાં પ્રયોગ કરી લઇએ તો આપણને પણ અનુભવ થઇ જાય વિનયના જાદુનો.

પરમાત્માની ભક્તિ કરવા... પરમાત્માના જન્મ મહોત્સવને ઉજવવા તૈયાર થયેલા સૌધર્મેન્દ્ર સ્વયં વૃષભના પાંચ રૂપ કરીને અભિષેક કરે છે. શા માટે ? તેઓ સમજે છે દુનિયા માટે હું દેવ છું... દેવો માટે હું ઇન્દ્ર છું પણ પ્રભુ પરમાત્માની સામે તો હું સદાય સેવક છું. પોતાની લઘુતા દર્શાવવા જ ઇન્દ્ર વૃષભના રૂપને ધારણ કરે છે.

આપણે સત્તાથી ગમે તેટલા ઉંચા સ્થાને હોઇએ.

આપણે સંપત્તિથી ગમે તેટલા સમૃદ્ધિવાળા અને મોટા હોઇએ...

પણ દેવ–ગુરુ –માતા–સ્વામિ અને ઉપકારી સમક્ષ સદા નાના છીએ... સેવક છીએ... દાસ છીએ...

સેવક બનતા જેને ન આવડે તે ક્યારેય સ્વામી બની શકતો નથી.

ચંદનબાળા સાધ્વી શિરોમણી હતા... પ્રભુ મહાવીર સ્વામીના મુખ્ય સાધ્વીજી હતા. મૃગાવતી એમના શિષ્યા હતા. ઉપાશ્રયમાં આવતા મોડું થતાં

ગુરુ ચંદનબાળાએ ટકોર કરી ‘‘તમારા જેવા કુલીન સાધ્વીજીને આવો વિલંબ કરવો યોગ્ય નથી.’’

તેજીને ટકોર બસ ! એ ન્યાયે મૃગાવતી વિચારવા લાગ્યા ‘‘હું કેવી છું ?... મેં ગુરુ ભગવંતને સંતાપ પમાડ્યો છે... એમની સાધનામાં અવરોધ ઉભો કર્યો...’’ એ પશ્ચાતાપની ધારામાં કર્મ ધોવાઇ ગયા અને ઘાતિ કર્મના નાશથી કેવળજ્ઞાનની જ્યોત ઝળહળી ઉઠી.

રાતના કાળાસર્પને માર્ગ કરી આપવા ગુરુણી ચંદનબાળાનો હાથ સરકાવ્યો. ગુરુએ જાગીને ‘‘કાળી રાત્રીમાં કાળો સર્પ કેમ જોયો ?’’

પૂછતાં મૃગાવતીજીએ કહ્યું – ‘‘આપના પસાયથી’’

‘‘શું જ્ઞાન થયું ?’’ ચંદનબાળા બોલ્યા. જવાબ આપતા ફરી મૃગાવતીજી બોલ્યા ‘‘આપના પ્રભાવથી’’

શિષ્યાને કેવળજ્ઞાન... ગુરુ છદ્મસ્થ...

છતાં કેવો અદ્ભૂત છે વિનય !

આપણા જીવનને જ્યારે વિનયથી ભરપૂર બનાવીશું ત્યારે સર્વ પ્રકારની સિદ્ધિઓ ચરણોમાં આળોટવા માંડશે. વિનય નહીં હોય તો મળેલી સિદ્ધિઓ પણ હારી જઇશું.

સાચા શ્રાવક જીવનને માણવા આપણે જીવનના દરેક ક્ષેત્રમાં વિનયને પ્રવેશ આપવો જ પડશે. કાયામાં વિનય હોય તો દેવ–ગુરુ કે ઉપકારી માતા–પિતા વડિલોને જોઇ સ્થાનેથી ઉભો થઇ જાય... હાથ જોડાઇ જાય.. એમની સામે ચાર પગલા જાય... એમને બેસવા યોગ્ય આસન આપે સ્થાન કરી આપે... એમના બેઠા પછી સ્વયં એમનાથી નીચા આસને બેસે.

વાણીમાં વિનય હોય તો ભાષાશુદ્ધિ હોય... વાણીમાં મીઠાશ નમ્રતા હોય... વડીલોનું બહુમાન સાચવી વાત થતી હોય.... ક્યાંય ઉગ્રતા ન હોય... રોષ ન હોય... કડવાશ ન હોય.

મનમાં વિનય હોય તો મન શુભ અને શુદ્ધ વિચારોથી મહેકતું હોય એમાં ક્યાંય કોઇ પણ જીવપ્રત્યે અશુભ વિચારજ ન હોય. આરાધકોની સાધના–આરાધના ઉપાસના જોઇને આનંદ અને અનુમોદના હોય. જ્ઞાની અને ગુણીયલ જીવોના દર્શન માત્રથી હર્ષથી પાગલ બની જતો હોય. એ મહાત્માઓની વરસતી કૃપાને ઝીલવા પોતાના જીવનને વધુને વધુ વિનય–નમ્રતા સભર બનાવતો હોય છે.

આ વિનય ગુણને ધંધામાં... ઘરમાં... વ્યવહારમાં... અભ્યાસમાં... ધર્મમાં... દુકાનમાં... બસમાં... ગાડીમાં... ખાવા–પીવામાં... સર્વસ્થાનોમાં જોડી દઇએ, અવર્ણનીય આનંદની અનુભૂતી થયા વગર નહિં રહે...

# જીવ-વિચાર

કેવી વિવિધતાથી ભરેલું આ વિશ્વ છે ? આ વિશ્વમાંર રહેલા જીવોમાં પણ કેવી વિવિધતા રહેલી છે ? આટલું જ નહીં પણ જીવોની ઉંચાઇ વિગેરેમાં પણ કેવી વિચિત્રતા જોવા મળે છે ? ક્યાંક જીવ અંગુલના અસંખ્યાતમાં ભાગનું શરીર ધરાવે છે તો ક્યાંક વળી જીવ પાંચસો ધનુષ્યની કાયા ધારણ કરે છે. પણ આવી વિવિધતા–વિષમતા અને વિચિત્રતાનો પરિચય દેવાધિદેવ વિના આપણને કોણ કરાવી શકે ? વિશ્વના સાચા સ્વરૂપનું ભાન કરાવનાર એ કેવળજ્ઞાની ભગવંતોને કોટિ કોટિ વંદના.

ચાલો જીવોના પરિચયમાં આપણે આગળ વધીએ. આજે આપણે પ્રથમ તિર્યંચ પંચેન્દ્રિય જીવોના શરીરની ઉંચાઇનો(અવગાહના) વિચાર કરીએ–

**जोयणसहस्समाणा, मच्छा उरगा य गब्भया हुंति ।**
**धणुहपुहुत्त पक्खिसु, भुयचारी गाउअपुहुत्तं ।।३०।।**

**અર્થ :–** ગર્ભજ મત્સ્ય અને ગર્ભજ ઉરપરિસર્પ હજાર યોજનના પ્રમાણવાળા હોય છે, ગર્ભજ પક્ષીઓનું શરીર પ્રમાણ ધનુષ્ય પૃથ્થકત્વ અને ગર્ભજ ભુજપરિસર્પનું ગાઉ પૃથકત્વ જાણવું.

પૃથકત્વ એટલે બેથી નવ એમ સમજવું.

ગર્ભજ મત્સ્ય અને ઉરપરિસર્પ હજાર–હજાર યોજન લાંબા હોઇ શકે છે. આપણને આવી કલ્પનાઓ પણ થવી મુશ્કેલ છે. તેમજ પક્ષીઓ બે થી નવ ધનુષ્યના સંભવે છે. અને ગર્ભજ ભુજપરિસર્પ બેથી નવ ગાઉના હોય છે. અહીં પણ આ લંબાઇ વધારેમાં વધારે એટલે જ ઉત્કૃષ્ટ સમજવી.

ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયની અવગાહના કહ્યા પછી હવે સંમુર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયનું પ્રમાણ કહે છે

**खयरा धणुहपुहुत्तं भुयगा उरगाय जोयण पुहुत्तं ।**
**गाउअ पुहुत्तमित्ता, समुच्छिमा चउप्पया भणिया ।।३१।।**

**અર્થ :–** સંમુર્ચ્છિમ પક્ષી અને ભુજપરિસર્પનું શરીર પ્રમાણ ધનુષ્ય પૃથકત્વ જાણવું તથા સંમુર્ચ્છિમ ઉરપરિસર્પનું શરીરમાન યોજન પૃથકત્વ જાણવું અને સંમુર્ચ્છિમ ચતુષ્પદ ગાઉ પૃથકત્વ પ્રમાણવાળા કહ્યા છે.

સંમુર્ચ્છિમ તિર્યંચોનું પણ આવું શરીરમાન જીવને આશ્ચર્ય ઉત્પન્ન કરાવનારું છે.

હવે ગર્ભજ ચતુષ્પદ અને મનુષ્યનું શરીર પ્રમાણ જણાવે છે :

**छच्चेव गाउआइं चउप्पया गब्भया मुणेयव्वा ।**
**कोसतिगं च मणुस्सा, उक्कोस सरीरमाणेणं ।।३२।।**

**અર્થ :–** ગર્ભજ ચતુષ્પદોના શરીરનું પ્રમાણ છ ગાઉનું જાણવું અને ગર્ભજ મનુષ્યોની અવગાહના ત્રણ ગાઉ જાણવી.

આવા પ્રકારે તિર્યંચ અને મનુષ્યની ઉત્કૃષ્ટ અવગાહના જણાવી. આવા કેટલાય શરીર આપણા સહુના આત્માએ અનંતીવાર ભોગવી લીધા છે... ધારણ કરી લીધા છે. આવા શરીરો દ્વારા અનંતીવાર અનેક પ્રકારના ખાન–પાન આરોગ્યા છે... ભોગ ભોગવ્યા છે... કર્મના વિપાક અને કડવા ફળ ભોગવ્યા છે છતાં આજે આ જીવ અજ્ઞાનદશામાં અથડાતો જ રહ્યો છે... આ બધું જાણ્યા પછી... સમજ્યા પછી અજ્ઞાનદશા છોડીને જ્ઞાનદશામાં પ્રવેશ કરવો અત્યંત આવશ્યક છે. જેમ જેમ અજ્ઞાનદશા ટળે... જ્ઞાનદશા પ્રગટે તેમ તેમ જ્ઞાનગર્ભિત વૈરાગ્યની પ્રાપ્તિ થાય. આવા

જ્ઞાનગર્ભિત વૈરાગ્યની પ્રાપ્તિ... એજ આ જ્ઞાનપ્રાપ્તિની સળતા છે.

હવે આપણે દેવલોકના દેવોના શરીર પ્રમાણને જાણીએ–

**इसाणंत सूराणं, रयणीओ सत्तहुंति उच्चत्तं ।**
**दुग दुग दुग चउगेविज्जणुत्तरे इक्किक्क परिहाणी ।।३३।।**

**અર્થ :–** ઇશાન દેવલોકપર્યંતના દેવોની શરીરની ઉંચાઇ સાત હાથ હોય છે. તે પછી બે, બે અને ચાર દેવલોક, નવગ્રૈવેયક અને અનુત્તર વિમાનને વિષે શરીરની ઉંચાઇ એક એક હાથ ઓછી જાણવી.

નારકીમાં જેમ ઉપર ઉપર જઇએ તેમ ઉંચાઇ અડધી–અડધી થતી જાય છે તેમ અહીં દેવલોકમાં પણ જેમ જેમ ઉપર જઇએ તેમ ઉંચાઇ એક એક હાથ ઓછી થતી જાય છે. દેવલોકમાં શરીરમાનની સ્પષ્ટ વિગત નીચે મુજબ છે. :–

| **દેવ..........** | **શરીરપ્રમાણ....** |
|---|---|
| ભવનપતિ | – ૭ હાથ. |
| વ્યંતર | – ૭ હાથ. |
| જ્યોતિષ | – ૭ હાથ. |
| સૌધર્મ–ઇશાન દેવ. | – ૭ હાથ. |
| સનત્કુમાર–માહેન્દ્ર દેવ. | –૬ હાથ. |
| બ્રહ્મ–લાંતક | – ૫ હાથ. |
| શુક્ર–સહસ્ત્રાર | – ૪ હાથ. |
| આનત–પ્રાણત | – ૩ હાથ. |
| આરણ–અચ્યુત | – ૩ હાથ. |
| નવગ્રૈવેયક | – ૨ હાથ. |
| પાંચ અનુત્તર | – ૧ હાથ. |

આવી રીતે દેવોના શરીરની વધારેમાં વધારે ઉંચાઇ સાત હાથની હોય જેને દેવોની ઉત્કૃષ્ટ અવગાહના કહેવાય અને દેવોના શરીરની ઓછામાં ઓછી ઉંચાઇ એક હાથની હોય છે. જેને દેવોની જઘન્ય અવગાહના કહેવાય.

અહિં દેવોના શરીરની ઉંચાઇની વાત બતાવી છે તે મૂળ શરીરની વાત સમજવાની છે. દેવો પોતાના આયુષ્યની સમાપ્તિ સુધી આ મૂળ શરીરને ધારણ કરે છે તેથી તે ભવધારણીય કહેવાય છે.

ભવધારણીય શરીરથી જુદું... વિવિધ પ્રકારની ક્રિયા અને આકૃતિને કરવાવાળું જે શરીર તે ઉત્તર વૈક્રિય શરીર કહીએ. આ ઉત્તર વૈક્રિય શરીર એક અથવા અનેક બનાવી શકાય, ન જોઇએ ત્યારે સંહરી શકાય. આવા ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના ઉત્કૃષ્ટથી એક લાખ યોજન અને બન્ને શરીર માટે જઘન્ય અગવાહના અંગુલનો સંખ્યાતમો ભાગ જાણવો.

અહીં વિવિધ જીવોની અવગાહના અથવા શરીરમાન દ્વારની પૂર્ણાહૂતિ થાય છે.

જીવભેદોની શરીર અવગાહના જાણ્યાબાદ આગળ આપણે ભવસ્થિતિ એટલે આયુષ્ય દ્વારની વિચારણા કરીશું.

વિશ્વના જીવ ભેદોના શરીર પ્રમાણની વિવિધતા અને વિશેષતા જોવાથી જ આપણને સર્વજ્ઞની સર્વજ્ઞતાની ખાત્રી થઇ જાય... પણ આ જીવોના જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્યની વાતો તો આપણને વિસ્મિત જ બનાવી દે છે.... જીવભેદોના આયુષ્યના રહસ્યને પામવા આગળ વધીએ... પ્રથમ એકેન્દ્રિયોના આયુષ્યની વાત જણાવે છે–

**बावीसा पुढवीए, सत्तय, आउस्स तिन्नि वाउस्स ।**
**वास सहस्सा दसतरु, गणाण तेऊतिरत्ताउ ।।३४।।**

અર્થ :– પૃથ્વીકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીશ હજાર વર્ષ છે, અપ્કાયનું આયુષ્ય સાત હજાર વર્ષનું છે. વાયુકાયનું આયુષ્ય ત્રણ હજાર વર્ષનું છે. પ્રત્યેક વનસ્પતિના સમુહનું આયુષ્ય દશ હજાર વર્ષનું છે. અને તેઉકાયનું આયુષ્ય ત્રણ અહોરાત્રિનું જાણવું.

અહીં ગાથાર્થમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી તે નિરૂપદ્રવ સ્થાનમાં રહેલા જીવોની જાણવી. જે

સ્થાનમાં તેમને આઘાત-પ્રત્યાઘાતોના નિમિત્તો બનતા ન હોય સામાન્યતઃ મધ્યમ કક્ષાના આયુષ્યવાળા જીવો જ વધુ જાણવા.

હવે વિકલેન્દ્રિયોનું આયુષ્ય જણાવે છે.

**वासाणी बारसाउ बेइंदियाणं, तेइंदियाणं तु ।**
**अउणापन्नदिणाइं, चउरिंदीणं तु छम्मासा ।।३५।।**

**અર્થ** – બેઇન્દ્રિયનું બાર વર્ષ, તેઇન્દ્રિયનું ઓગણપચાસ દિવસનું અને ચઉરેન્દ્રિયનું છ મહિના જાણવું.

વિકલેન્દ્રિયની ભવસ્થિતિ (આયુષ્ય) જણાવીને હવે દેવ, નારકી, ચતુષ્પદ અને મનુષ્યનું આયુષ્ય જણાવે છે.

**सुरनेरीयाणं ठिई, उक्कोसा, सागराणि तित्तीसं ।**
**चउप्प यतिरियमणुस्सा, तिन्नितिय पलिओवमा हुंति ।।३६।।**

**અર્થ** :– દેવ અને નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ તેંત્રીશ સાગરોપમ અને ચતુષ્પદ તિર્યંચ અને મનુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ હોય છે.

**जलचरउरभुयगाणं, परमाउ होई पुव्वकोडीओ ।**
**पक्खीणं पुण भणीओ, असंखभागो य पलियस्स ।।३७।।**

**અર્થ** :– જલચર, ઉરપરિસર્પ, તથા ભૂજપરિસર્પનું આયુષ્ય ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વનું હોય છે. તેવી જ રીતે પક્ષીઓનું પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું જાણવું.

આવા પ્રકારે અહીં સર્વ જીવોનું આયુષ્યમાન જણાવ્યા પછી સૂક્ષ્મ અને સંમુચ્છિમ જીવોનું આયુષ્ય જણાવે છે.

**सव्वे सुहुमासाहारणा य समुच्छिमा मणुस्साय ।**
**उक्कोस जहन्नेणं, अंतमुहुत्तं चिय जियंति ।।३८।।**

**અર્થ** :– સર્વ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો, બાદર સાધારણ વનસ્પતિકાય (અનંતકાય-નિગોદ) અને સંમુચ્છિમ મનુષ્યો ઉત્કૃષ્ટ અને જઘન્યથી અંતમુહૂર્ત જીવે છે.

**ओगाहणाउ – माणं, एवं संखेवओ समक्खायं ।**
**जे पुण इत्थ विसेसा, विसेस – सुत्ताउ ते नेया ।।३९।।**

અવગાહના અને આયુષ્ય દ્વારની પૂર્ણાહૂતિ કરતાં વિશેષ જણાવા અન્ય સૂત્રો (શ્રી બૃહત્ સંગ્રહણી, વગેરે) વાંચવાની ભલામણ કરે છે.

**સ્વકાય સ્થિતિ :-**

જીવ વારંવાર પોતાની જાતિમાં જેટલા વખત સુધી ઉત્પન્ન થાય (જન્મ-મરણ કરે) તે તેની સ્વકાયસ્થિતિ કહેવાય.

પૃથ્વીકાયાદિ સ્થાવર જીવો... બેઇન્દ્રિયાદિ વિકલેન્દ્રિયાદિ જીવો તેમજ તિર્યંચ-મનુષ્ય જીવો એજ જાતિમાં મમત્વ ભાવના કારણે વારંવાર જન્મ મરણ કરે છે. પણ આ સ્વ જાતિમાં જ જન્મ મરણ કરવામાં કેવા કેવા નિયમ છે એની સ્પષ્ટતા એવં સમજણ અહીં આપવામાં આવી છે.

**एगिंदिया य सव्वे असंख उस्सप्पिणी सकायंम्मि ।**
**उवज्ञंति चयंति य अणंत-काया अणंताओ ।।४०।।**

**ગાથાર્થ** :– સર્વ એકેન્દ્રિય જીવો તેમજ અનંતકાય જીવો અનુક્રમે અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી તથા અનંત ઉત્સર્પિણી -અવસર્પિણી સુધી સ્વ કાયામાં જ ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે.

જૈન શાસનનું કાળચક્ર બે વિભાગોમાં વિભાજીત છે – (૧) ઉત્સર્પિણી અને (૨) અવસર્પિણી-બન્ને ઉત્સર્પિણી એવં અવસર્પિણીમાં છ-છ આરા હોય છે. પ્રત્યેક ઉત્સર્પિણી અને અવસર્પિણી ૧૦ કોટાકોટી સાગરોપમની હોય છે.

અહિં એકેન્દ્રિય જીવોમાં પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય એવં વનસ્પતિકાયની સ્વકાયસ્થિતી અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી કહે છે. પણ અનંતકાય જીવોની એથી પણ વધારે જણાવતાં અનંત અવસર્પિણી ઉત્સર્પિણી કહે છે.

આજ વાતને વિશેષ વિવેચનથી વિચારતાં એમ જણાય છે. કે પૃથ્વીકાયના ૪ ભેદ, અપકાયના ૪ ભેદ, તેઉકાયના ચાર ભેદ, વાયુકાયના ચાર ભેદ એમ કુલ ૧૬ ભેદને વિષે અસંખ્યાતી ઉત્સર્પિણી

તથા અસંખ્યાતી અવસર્પિણી સ્વકાય સ્થિતી હોય છે.

પ્રત્યેક વનસ્પતિકાયના બન્ને ભેદને વિષે સ્વકાયસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ હોય છે.

સાધારણ વનસ્પતિકાયના (અનંતકાયના) ચાર ભેદને વિષે સ્વકાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી તથા અનંત અવસર્પિણીની હોય છે.

**संखिज्ज समा विगला, सत्तट्ठभवा पणिंदि तिरिमणुआ।**
**उवज्जंति सकाए, नारय देवाय नो चेव ।।४१।।**

ગાથાર્થ :- વિકલેન્દ્રિય જીવોની સ્વકાયસ્થિતિ સંખ્યાતા ભવો છે. પંચેન્દ્રિય એવં મનુષ્યની સ્વકાય સ્થિતિ ૭-૮ ભવ છે. જયારે નારકી દેવલોકના જીવોને સ્વકાય સ્થિતિ નથી.

વિકલેન્દ્રિય એટલે જ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય તથા ચઉરેન્દ્રિય જીવોના પર્યાપ્ત અપર્યાપ્ત મળી છ ભેદોને વિષે સ્વકાયસ્થિતિ સંખ્યાતા ભવો અથવા સંખ્યાતા વર્ષોની છે.

તિર્યંચ પંચેન્દ્રિયની તથા મનુષ્યની વાત જણાવતાં ૭ અથવા ૮ ભવ સ્વકાયસ્થિતિ જણાવે છે તે કેમ ?

તિર્યંચ પંચેન્દ્રિય અથવા મનુષ્ય મરીને ફરીથી એજ જાતિમાં સળંગ ૭ ભવ સંખ્યાતા વર્ષના કરે પણ આઠમો ભવ એજ જાતિમાં કરવો હોય તો સંખ્યાતા વર્ષનો નજ કરે... એને આઠમો ભવ અસંખ્યાતા વર્ષના આયુષ્યનો જ કરવો પડે. એટલે એને યુગલિક ક્ષેત્રમાં જ જવું પડે. ત્યાંથી નિયમા દેવભવમાં જવું જ પડે. ત્યાંથી ફરી તિર્યંચ કે મનુષ્યભવમાં જઇ શકે છે.

સંમુચ્છિમ તિર્યંચના દશ ભેદ તથા સંમુચ્છિમ મનુષ્યના ૧૦૧ ભેદ એમ કુલ૧૧૧ ભેદને વિષે સ્વકાયસ્થિતિ ૭ ભવની છે.

ગર્ભજ તિર્યંચના ૧૦ ભેદ તથા કર્મભૂમિના ૩૦ (પર્યાપ્ત અને અપર્યાપ્ત) મનુષ્યના ભેદને વિષે સ્વકાયસ્થિતિ ૭-૮ ભવની હોય છે.

અહીં માત્ર કર્મભૂમિના મનુષ્યનાજ ભેદ લીધા છે. કારણ અકર્મભૂમિ એવં ૫૬ અંતરદ્વિપમાં યુગલિયા છે. જે અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા છે. તેમને માટે સ્વકાયસ્થિતિ નથી. યુગલિયા (અંતરદ્વિપ એવં અકર્મભૂમિના મનુષ્ય) નિયમા મરીને દેવલોકમાં જાય છે. આજ વાત કર્મભૂમિમાં યુગલિક કાળના મનુષ્યો માટે સમજવી. તેઓ પણ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તથા આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં જવાવાળા હોય છે.

દેવ તથા નારકીના જીવો ને સ્વકાયસ્થિતિ નથી કારણ દેવ મરીને દેવ ન થાય અને નારકી મરીને નારકી ન થાય.

**પ્રાણ :-** જીવન જીવવા માટેની જરૂરી શક્તિ તે પ્રાણ છે જેના વિયોગમાં જીવનું મરણ થાય છે. પ્રાણ બે પ્રકારના છે- (૧) ભાવ પ્રાણ અને (૨) દ્રવ્ય પ્રાણ.

ભાવ પ્રાણ આત્મા સાથે સંકળાયેલા છે. જયારે દ્રવ્ય પ્રાણ દેહ સાથે સંકળાયેલા છે..

દ્રવ્ય પ્રાણ ૪ છે - (૧) ઈન્દ્રિયપ્રાણ તે અશુદ્ધ ચેતનામય છે.(૨) યોગબળ પ્રાણ અનંતવીર્ય રુપથી વિપરીત છે. (૩) આયુષ્ય પ્રાણ જે અક્ષયસ્થિતિથી વિપરીત છે.

ઈન્દ્રિય પ્રાણ પાંચ છે- (૧) સ્પર્શેન્દ્રિય પ્રાણ (૨) રસનેન્દ્રિય પ્રાણ (૩) ઘ્રાણેન્દ્રિય પ્રાણ (૪) ચક્ષુરીન્દ્રિય પ્રાણ (૫) શ્રોતેન્દ્રિય પ્રાણ...

યોગબળ ત્રણ છે - (૧) મનોબળપ્રાણ (૨) વચનબળ પ્રાણ અને (૩) કાયાબળ પ્રાણ.

**दसहा जिआण पाणा इंदिय उसास आउ बल रुवा ।**
**एगिंदिएसु चउरो विगलेसु छ सत्त अट्ठेव ।।४२।।**

**ગાથાર્થ :-** જીવોને દશ પ્રકારના પ્રાણો હોય છે. પાંચ ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, આયુષ્ય, અને ત્રણ બળ એમ દશ પ્રાણો થાય છે. તેમાં એકેન્દ્રિયોને

ચાર પ્રાણ અને વિકલેન્દ્રિયોને છ, સાત, આઠ પ્રાણો હોય છે.

કુલ દશ પ્રાણોમાંથી એકેન્દ્રિયને એટલે પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય એવં વનસ્પતિકાયને ચાર જ પ્રાણ હોય છે. કારણ એકેન્દ્રિય હોવાથી ફક્ત સ્પર્શેન્દ્રિય પ્રાણ અને કાયબળપ્રાણ હોય છે. અન્ય ઈન્દ્રિયપ્રાણ કે અન્ય યોગબળ હોતા નથી. આયુષ્ય પ્રાણ અને શ્વાસોશ્વાસપ્રાણ તો બધાજ જીવોને હોય છે. તેથી એકેન્દ્રિયને નીચે મુજબ ચાર પ્રાણ હોય છે. (૧) સ્પર્શેન્દ્રિય પ્રાણ (૨) કાયબળ પ્રાણ (૩) આયુષ્યપ્રાણ અને (૪) શ્વાસોશ્વાસપ્રાણ.

બે ઈન્દ્રિયને સપર્શેન્દ્રિય સાથે રસનેન્દ્રિય પણ હોય છે. તેથી કાયબળ સાથે વચનબળ પણ હોય છે. તેથી બે પ્રાણ વધારે થવાથી કુલ છ પ્રાણ હોય છે. તે નીચે મુજબ છે–

(૧) સ્પશેન્દ્રિયપ્રાણ (૨) રસનેન્દ્રિયપ્રાણ (૩)કાયબળપ્રાણ (૪) વચનબળપ્રાણ (૫) આયુષ્યપ્રાણ અને (૬) શ્વાસોશ્વાસ પ્રાણ.

તેઈન્દ્રિયને સ્પશેન્દ્રિય અને રસનેન્દ્રિય સાથે ઘ્રાણેન્દ્રિય પણ હોય છે તેથી બેઈન્દ્રિયના છ પ્રાણમાં ઘ્રાણેન્દ્રિય પ્રાણનો ઉમેરો થવાથી કુલ સાત પ્રાણ હોય છે–

(૧) સ્પશેન્દ્રિયપ્રાણ (૨) રસનેન્દ્રિય પ્રાણ (૩) ઘ્રાણેન્દ્રિય પ્રાણ (૪) કાળબળ પ્રાણ (૫) વચનબળ પ્રાણ (૬) આયુષ્ય પ્રાણ અને (૭) શ્વાસોશ્વાસ પ્રાણ.

ચઉરેન્દ્રિયમાં સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, સાથે ચક્ષુરીન્દ્રિયનો વધારો થવાથી કુલ ૮ પ્રાણ થાય છે. તે નીચે મુજબ છે–

(૧) સ્પશેન્દ્રિયપ્રાણ (૨) રસનેન્દ્રિય પ્રાણ (૩) ઘ્રાણેન્દ્રિય પ્રાણ (૪) ચક્ષુરિન્દ્રિય પ્રાણ. (૫) કાળબળ પ્રાણ (૬) વચનબળ પ્રાણ (૭) આયુષ્ય પ્રાણ અને (૮) શ્વાસોશ્વાસ પ્રાણ.

**असन्नि –सन्नि–पंचिदिएसु, नव दस कम्मेण बोधव्वा।**
**तेहिं सह विजओगो जीवाणं भण्णंए मरणं ।।४३।।**

**ગાથાર્થ :–** અસંજ્ઞિ એટલે મન વગરના અને સંજ્ઞિ એટલે મનવાળા પંચેન્દ્રિય જીવોને અનુક્રમે નવ અને દસ પ્રાણ જાણવા. તે પ્રાણોની સાથે ''વિયોગ'' જ જીવોનું ''મરણ'' કહેવાય છે.

પંચેન્દ્રિય જીવો બે પ્રકારના છે – (૧) સંજ્ઞિ એટલે મનવાળા અને (૨) અસંજ્ઞિ એટલે મનવિનાના.

દેવ નારકી તથા ગર્ભજ મનુષ્ય અને તિર્યંચ મનવાળા છે તેથી સંજ્ઞિ પંચેન્દ્રિય છે તેથી તે મનોબળ સહિત છે માટે તેમને દસ પ્રાણ છે. જયારે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તથા સંમૂચ્છિંમ તિર્યંચ પંચેન્દ્રિય અને સંમુચ્છિંમ મનુષ્ય બધા મન વિનાના હોવાથી અસંજ્ઞિ છે.

અહિં અસંજ્ઞિ પંચેન્દ્રિયના નવ પ્રાણ જણાવે છે. એમની પાસે મનોબળ હોતું નથી.

સંજ્ઞિ પંચેન્દ્રિયને બધા જ દસ પ્રાણ હોય છે.

કેટલાક સંમુચ્છિંમ મનુષ્યોમાં વચનબળ હોતું નથી તેથી નવના બદલે એમનામાં આઠ પ્રાણ હોય છે. વળી આવા સંમૂચ્છિંમ મનુષ્ય જયારે શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ કર્યા વગર જ મરે છે ત્યારે તેમને શ્વાસોશ્વાસ પ્રાણ પણ ન હોવાથી ફક્ત સાત જ પ્રાણ હોય છે.

હવે ગાથાના પાછળના અર્ધાભાગમાં મરણ કોને કહેવાય ? તે જણાવતાં કહે છે– '' જે જીવના જેટલા પ્રાણ હોય તેનાથી તેનો સર્વથા વિયોગ તે જીવનું મરણ છે ''પ્રાણોની સાથે આત્માનો વિયોગ તે જીવનું મરણ છે.

આ વ્યાખ્યા જોતા ખ્યાલ આવે છે કે આત્માનો દ્રવ્ય પ્રાણોથી વિયોગ થાય છે તેને વ્યવહારીક ભાષામાં મરણ કહેવાય છે. તે મરણ સંસારી અવસ્થાનું છે. આત્માનું નથી. આત્માના ભાવ પ્રાણ છે અને આત્માના ભાવપ્રાણ ક્યારેય આત્માથી જુદા થતા નથી તેથી આત્માનું મરણ સંભવતું નથી તેથી જ આત્મા અમર છે. સિદ્ધના જીવો અમર છે...

# નવતત્વ... (મોક્ષ તત્વ)

કોઇ પણ આરાધકને પ્રશ્ન પુછીએ – ''ધર્મ શા માટે કરો છો ?''

જવાબ મળે છે – ''મોક્ષ માટે ''

ધર્મ મોક્ષ માટે થાય એમાં બે મત નથી. ધર્મ મોક્ષ માટે જ કરવો જોઇએ એ પણ એટલું જ સાચું. પરંતુ આપણે જે જવાબ આપીએ છીએ એની પાછળ આપણી કેટલી સમજણ કામ કરે છે ? આપણે મોક્ષનું કેવું અને કેટલું સ્વરૂપ જાણીએ છીએ ? પરમાત્માએ કેવળજ્ઞાનમાં મોક્ષનું સ્વરૂપ જોયું અનુભવ્યું અને એનું આબેહૂબ વર્ણન વિસ્તારથી આપણી સમક્ષ મૂક્યું.

કેવી અમાપ કૃપા વરસી આપણા ઉપર ?

મોક્ષને બોગસ કહેનારાઓનો આ દુનિયામાં તોટો નથી. આવા સર્વ પ્રકારના નાસ્તિકોને જડબેસલાક જવાબ આપી મોક્ષની વિદ્યમાનતા સિદ્ધ કરી બતાવી.

પુણ્યને ભોગવવા જો દેવલોક છે...

પાપને ભોગવવા જો નરક છે...

તો પુણ્ય–પાપથી રહિત જીવો માટે પણ અવશ્ય સ્થાન હોવું જોઇએ. એ સ્થાન ક્યાં અને કેવું ?

મોક્ષના જીવો કેટલા ? મોક્ષના જીવો કેવા ?

આ બધાનો સુંદર જવાબ જ્ઞાની ભગવંતોએ મોક્ષતત્વની સમજણ આપતાં કહ્યો છે.

આ મોક્ષ તત્વને પામવા માટે અધિકારી કોણ? કોણ એ મોક્ષ તત્વને પામી શકે ? આ બધી વાતો ઘણી જ રસપ્રદ છે. આપણને લલચાવનારી અને મોક્ષ ગતિ તરફ આગળ વધવા અપૂર્વ પ્રેરણા કરનારી છે. આવો ! જ્ઞાનના સથવારે મોક્ષની માનસિક સફર કરી અનોખા આનંદને અનુભવી આત્મકલ્યાણ સાધીએ.

**संतपय परुवणया, दव्वपमाणं च खित्त फुसणाय ।**
**कालो अ अंतर भागो, भावे अप्पा बहु चेव ।।४३।।**

સત્પદપ્રરૂપણા, દ્રવ્યપ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, કાળ, અન્તર ભાગ અને અલ્પબહુત્વ.

મોક્ષ તત્વની વિચારણા નવ દ્વારોથી થઇ શકે તેઅહિં જણાવવામાં આવ્યું છે. આ નવદ્વાર નીચે મુજબ છે –

**(૧) સત્પદ પ્રરૂપણા દ્વાર :-** મોક્ષને વિષે વિદ્યમાન (સ્થિત)પદની પ્રરૂપણા કરવી તે સત્પદ પ્રરૂપણા દ્વાર છે.

**(૨) દ્રવ્યપ્રમાણ દ્વાર :-** સિદ્ધના જીવ દ્રવ્ય કેટલા છે તેની વિચારણા કરવી તે દ્રવ્યપ્રમાણ દ્વાર છે.

**(૩) ક્ષેત્રદ્વાર :-** સિદ્ધના જીવોને અવગાહના ક્ષેત્ર કેટલું છે તેની વિચારણા તે ક્ષેત્રદ્વાર છે.

**(૪) સ્પર્શના દ્વાર :-** સિદ્ધના જીવ કેટલા આકાશ પ્રદેશને સ્પર્શે છે તેની વિચારણા તે સ્પર્શના દ્વાર છે.

**(૫) કાળદ્વાર :-** સિદ્ધના જીવો સિદ્ધગતિમાં કેટલો કાળ રહેશે? (સાદિ–અનંત) તેની વિચારણા તે કાળ દ્વાર.

**(૬) અંતરદ્વાર :-** સિદ્ધના જીવોમાં અંતર નથી તેની વિચારણા કરવી તે અંતરદ્વાર છે.

**(૭) ભાગદ્વાર :-** સિદ્ધના જીવો સંસારી જીવોના કેટલામા ભાગે છે તેની વિચારણા કરવી

તે ભાગદ્વાર છે.

**(૮) ભાવદ્વાર :-** ક્ષાયિક વગેરે પાંચ ભાવમાંથી સિદ્ધના જીવો ક્યા ભાગમાં છે તેની વિચારણા કરવી તે ભાવદ્વાર છે. અને

**(૯) અલ્પબહુત્વ દ્વાર :-**સિદ્ધના પંદર ભેદમાંથી ક્યા ભેદમાં જીવ ઓછા છે... ક્યા ભેદમાં જીવ વધારે છે તેની વિચારણા કરવી તે અલ્પ બહુત્વ દ્વાર છે.

નવદ્વારની સામાન્ય સમજણ આપ્યા પછી હવે એક એક દ્વારની વિશેષથી વિચારણા આગળની ગાથાઓમાં કરવામાં આવી છે.

**સત્પદ પ્રરૂપણા દ્વાર :-**

**संत सुद्ध पयत्ता विज्जंतं ख कुसुमंव न असंतं ।**
**मुख्खत्ति पय तस्सउ, परुवणा मग्गणाइ हिं ।।४४।।**

મોક્ષ સત્ છે. શુદ્ધ પદ હોવાથી વિદ્યમાન છે. આકાશ ફુલની પેઠે અવિદ્યમાન નથી. ''મોક્ષ'' એ જાતનું પદ છે અને માર્ગણા વડે તેની વિચારણા થાય છે.

પદોનું વિભાજન બે પ્રકારમાં થઇ શકે છે – (૧) એકલાં પદ અથવા શુદ્ધ પદ અને (૨) જોડાયેલા પદ અથવા અશુદ્ધ પદ.

એકલાં પદ જ્યાં છે ત્યાં એ નામની વસ્તુ છે જ એમ સ્વીકારવામાં આવે છે. પદ એટલે અર્થ અને વ્યુત્પત્તિ સહિતનો શબ્દ.

મોક્ષ એ પદ છે કારણ તેનો અર્થ પણ છે અને તેની વ્યુત્પત્તિ પણ છે.

જ્યાં જોડાયેલા શબ્દ છે ત્યાં વસ્તુ હોય પણ અને ન પણ હોય.

રાજકુમાર – એટલે રાજાનો કુમાર આ અર્થ પૂર્ણ છે અને શુદ્ધપદ છે. એની વિદ્યમાનતા સંભવે છે.

આકાશપુષ્પ :– આકાશનું પુષ્પ આ જોડાયેલું પદ અશુદ્ધ છે તેમજ અસત્ય છે.કારણ ગુલાબનું ફુલ હોય, મોગરાનું ફુલ હોયપણ આકાશનું ફુલ નજ હોય. તે અવિદ્યમાન છે.

તેથી મોક્ષ પદ છે...

મોક્ષ પદ વિદ્યમાન છે... અને તેની વિચારણા માર્ગણા વડે થઇ શકે છે.

માર્ગણાનું સ્વરૂપ અને સાથે મોક્ષની વિચારણા આગળની ગાથામાં જણાવવામાં આવી છે.

**गइ इंदीअे काअे, जोअे वेये कसाय नाणे य ।**
**संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ।।४५।।**

ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, ચારિત્ર, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી અને આહાર.

અહિં ૧૪ માર્ગણાઓ બતાવવામાં આવી છે. આ ચૌદ માર્ગણાના વિશેષથી ૬૨ બાંસઠ ભેદ થાય છે તે નીચે મુજબ છે–

| **માર્ગણા** | **ભેદ** |
|---|---|
| ૧. ગતિ | ૪ – દેવ, મનુષ્ય, તિર્યંચ, નરક. |
| ૨. ઈન્દ્રિય | ૫–એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય, પંચેન્દ્રિય, |
| ૩. કાય | ૬–પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિ કાય, ત્રસકાય, |
| ૪. યોગ | ૩–મનોયોગ, વચનયોગ, કાયયોગ. |
| ૫. વેદ | ૩–સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ |
| ૬. કષાય | ૪–ક્રોધ, માન, માયા, લોભ. |
| ૭. જ્ઞાન | ૮–મતિ, શ્રુતિ, અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગ જ્ઞાન. |
| ૮. ચારિત્ર | ૭– સામાયિક, છેદોપસ્થાપન. |

| | | |
|---|---|---|
| | | પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ અને સર્વવિરતિ. |
| ૯. દર્શન | ૪– | ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન. |
| ૧૦. લેશ્યા | ૬– | કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, અને શુક્લ લેશ્યા. |
| ૧૧.ભવ્ય | ૨– | ભવ્ય, અને અભવ્ય. |
| ૧૨. સમ્યકત્વ | ૬– | ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, મિશ્ર, સાસ્વાદન, અને મિથ્યાત્વ. |
| ૧૩. સંજ્ઞિ | ૨– | સંજ્ઞી અને અસંજ્ઞી |
| ૧૪. આહાર | ૨– | આહાર અને અનાહાર. |
| | ૬૨ | |

આ ચૌદ માર્ગણા દ્વારા વિચારણા કરતાં એમાં મોક્ષ ક્યાં ક્યાં સંભવી શકે એનો ખ્યાલ આવ્યા વગર ન રહે ? ૧૪ માર્ગણાના બાસઠ ભેદમાં મોક્ષ કઇ કઇ માર્ગણામાં છે અને ક્યાં નથી આ વાત આગળની ગાથામાં સ્પષ્ટ કરવામાં આવી છે.

**नरगइ पणिंदि तस भव, सन्नि अहख्खाय खइय समत्ते।**
**मुख्खोणाहार केवल, दंसण नाणे न सेसेसु ।।४६।।**

મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસકાય, ભવ્ય, સંજ્ઞિ, યથાખ્યાત ચારિત્ર, ક્ષાયિક સમ્યક્ત્વ, અનાહાર, કેવળદર્શન અને કેવળજ્ઞાનમાં મોક્ષ છે અને શેષમાં નથી.

ચૌદ માર્ગણાના ૬૨ દ્વારની વિચારણા કરતાં જણાય છે કે ચૌદમાંથી ૧૦ માર્ગણામાંજ મોક્ષની સંભાવના છે. ચાર માર્ગણામાં તો મોક્ષ સંભવતો જ નથી.

પ્રથમ ગતિ માર્ગણામાં મનુષ્ય ગતિમાં જ મોક્ષ છે. અન્ય ત્રણ ગતિમાં મોક્ષ નથી.

બીજી જાતિ માર્ગણામાં પંચેન્દ્રિયમાંજ મોક્ષ છે અન્ય ચાર જાતિમાં મોક્ષ નથી.

ત્રીજી કાય માર્ગણામાં ત્રસકાયમાંજ મોક્ષ છે. અન્ય પાંચ કાયમાં મોક્ષ નથી.

ચોથી યોગ માર્ગણામાં મોક્ષ હોય જ નહિં કારણ આત્મા અયોગી છે.

પાંચમી વેદ માર્ગણામાં મોક્ષ હોય જ નહિં કારણ આત્મા અવેદિ છે.

છટ્ઠી કષાય માર્ગણામાં મોક્ષ હોય જ નહિં કારણ આત્મા અકષાયી છે.

સાતમી જ્ઞાન માર્ગણામાં કેવળજ્ઞાનમાંજ મોક્ષ છે. અન્ય સાત જ્ઞાનમાં મોક્ષ નથી.

આઠમી ચારિત્ર માર્ગણામાં યથાખ્યાત ચારિત્રમાંજ મોક્ષ છે. અન્ય છ ચારિત્રમાં મોક્ષ નથી.

નવમી દર્શન માર્ગણામાં કેવળદર્શનમાં જ મોક્ષ છે. અન્ય ત્રણ દર્શનમાં મોક્ષ નથી.

દશમી લેશ્યા માર્ગણામાં મોક્ષ હોય જ નહિં કારણ આત્મા અલેશી છે.

અગિયારમી ભવ્ય માર્ગણામાં ભવ્યમાંજ મોક્ષ છે. અભવ્યમાં મોક્ષ નથી.

બારમી સમકત્વ માર્ગણામાં ક્ષાયિક સમ્યક્ત્વમાં જ મોક્ષ છે. અન્ય પાંચ સમ્યક્ત્વમાં મોક્ષ નથી.

તેરમી સંજ્ઞિ માર્ગણામાં સંજ્ઞિમાંજ મોક્ષ છે. બીજા અસંજ્ઞી માર્ગણામાં મોક્ષ નથી.

ચૌદમી આહાર માર્ગણામાં અનાહારમાં જ મોક્ષ છે. આહાર માર્ગણામાં મોક્ષ નથી.

એવી રીતે મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસકાય, ભવ્ય, સંજ્ઞિ, યથાખ્યાત, ચારિત્ર, ક્ષાયિક સમ્યક્ત્વ, અનાહાર, કેવળદર્શન અને કેવળજ્ઞાનમાં મોક્ષ છે. બીજે ક્યાંય કોઇપણ માર્ગણામાં મોક્ષ નથી.

**दव्वपमाणे सिद्धा, जीव दव्वाणि हुंति णंताणि ।**
**लोगस्स असंखिज्जे, भागे इक्कोय सव्वेवि ।।४७।।**

સિદ્ધોના દ્રવ્ય પ્રમાણ દ્વારમાં–અનંત જીવ

દ્રવ્યો છે. લોકના અસંખ્યાતમાં ભાગમાં એક અને સર્વ સિદ્ધો હોય છે.

સિદ્ધના જીવો અનંત છે.

જઘન્યથી ૧ સમયના અંતરે અને ઉત્કૃષ્ટથી છ મહિનાના અંતરે એક જીવ અવશ્ય મોક્ષમાં જાય છે.

એક સમયમાં જઘન્યથી એક જીવ અને ઉત્કૃષ્ટથી ૧૦૮ જીવ મોક્ષમાં જાય છે.

એવા નિયમ પ્રમાણે અનાદિ કાળથી વિશ્વનું ચક્ર ચાલી રહ્યું છે. તેથી મોક્ષમાં અનંત જીવ છે જ.

એક સિદ્ધની અવગાહના જઘન્યથી ૧ હાથ ૮ અંગુલ હોય છે..

એક સિદ્ધની અવગાહના ઉત્કૃષ્ટથી ૧૩૩૩ હાથ ૮ અંગુલ હોય છે...

એ ક્ષેત્ર લોકના અસંખ્યાતમાં ભાગ જેટલું છે. તેથી એક સિદ્ધ જીવ આશ્રયીને તે લોકના અસંખ્યાતમાં ભાગમાં રહેલું છે.

સર્વ સિદ્ધ જીવોને આશ્રયીને વિચાર કરતાં સિદ્ધના બધાજ જીવો સિદ્ધશીલા ઉપર બિરાજમાન છે. તે લોકના અંતે અલોકને અડીને ૪૫ લાખ યોજન વિસ્તારવાળી સિદ્ધશિલા ઉપર ગાઉના છઠ્ઠા ભાગના ઉર્દ્વ પ્રમાણ જેટલા આકાશ વિસ્તારમાં રહેલા છે. સર્વ સિદ્ધો સહિતનો સિદ્ધશિલા ઉપરનું ક્ષેત્ર, સર્વ ક્ષેત્રના અસંખ્યાતમા ભાગ જેટલું જ છે. તેથી સર્વ સિદ્ધ જીવોની અપેક્ષાએ પણ તે લોકના અસંખ્યાતમાં ભાગ જેટલું જ છે.

**फुसणा अहिआ कालो, इग सिद्ध पडुच्च साइ ओणंतो ।**
**पडिवाओ भावाओ, सिद्धाणं अंतरं नथ्थि ।।४८।।**

સ્પર્શના અધિક છે, એક સિદ્ધને આશ્રયીને સાદિ અનંતકાળ છે, પડવાનો અભાવ હોવાથી સિદ્ધોમાં અંતર નથી.

આ ગાથામાં ત્રણ દ્વારની વિચારણા છે– (૧)સ્પર્શના દ્વાર (૨) કાલ દ્વાર અને (૩) અન્તર અનુયોગ દ્વાર.

**સ્પર્શના દ્વાર :-**

એક પરમાણું આકાશ પ્રદેશમાં સમાય ત્યારે ૭ આકાશ પ્રદેશની સ્પર્શના કહેવાય. (૧) એક આકાશ પ્રદેશમાં તે રહેલું છે તેની સ્પર્શના છે.

(૨) ચાર દિશામાં ચાર આકાશ પ્રદેશમાં સ્પર્શના છે.

(૩) ઉર્દ્વ અને અધો દિશામાં બે આકાશ પ્રદેશમાં સ્પર્શના છે.

૧+૪+૨=૭ આકાશ પ્રદેશની સ્પર્શના છે. અવગાહના માત્ર ૧ આકાશ પ્રદેશ છે.

એવી જ રીતે દરેક દ્રવ્યને અવગાહના ક્ષેત્રથી સ્પર્શના ક્ષેત્ર વધુ જ હોય.

તેમજ સિદ્ધને અવગાહના ક્ષેત્રથી સ્પર્શના અધિક છે.

તેવી જ રીતે સિદ્ધને સિદ્ધની પરસ્પર સ્પર્શનાક્ષેત્ર પણ અધિક છે.

**કાલદ્વાર :-**

એક સિદ્ધને આશ્રયીને સાદિ અનંત કાળ સિદ્ધપણાનો જાણવો.

અનેક સિદ્ધને આશ્રયીને અનાદિ અનંત કાળ સિદ્ધ પણાનો જાણવો.

**અન્તર દ્વાર :-**

વચ્ચે બીજો ભાવ હોય તો આંતરુ, આવું અંતર સંભવે એવું પણ નથી. તેમજ સિદ્ધના જીવો પાછા સંસારમાં આવતા ન હોવાથી ત્યાં સિદ્ધમાં અંતર નથી તેમજ સિદ્ધના જીવો બીજા સિદ્ધના જીવોને અડીને રહેલા હોવાથી ત્યાં પણ એક–બીજામાં અંતર નથી.

**सव्व जियाणं मणंते भागे ते तेसिं दंसण नाणं ।**
**खइअे भावे परिणा–मिअे अ पुण होइ जीवत्तं ।।४९।।**

સિદ્ધો સર્વ જીવોને અનંતમે ભાગે છે. તેઓનું જ્ઞાન અને દર્શન ક્ષાયિક ભાવે છે, અને જીવપણું

પારિણામિક ભાવે છે.

આ ગાથામાં ભાગ-ભાવ અનુયોગ દ્વારનો સમાવેશ થાય છે.

**ભાગ દ્વાર :-**

સિદ્ધના જીવો અભવ્યથી અનંત ગુણા છે...

સર્વ સંસારી જીવોની અપેક્ષાએ તે અનંતમે ભાગે છે...

**ભાવ દ્વાર :-**

પાંચ પ્રકારના ભાવ છે (૧) ઔપશમિક (૨) ક્ષાયિક (૩) ક્ષયોપશમિક (૪) ઔદાયિક અને (૫) પારિણામિક ભાવ.

આમાંથી સિદ્ધના જીવોને જ્ઞાન અને દર્શન ક્ષાયિક ભાવે હોય છે. અને જીવપણું પારિણામિક ભાવે હોય છે.

**थोवा नपुसं सिद्धा, थ्थी नर सिद्धा कमेण संखगुणा ।**
**इअ मुख्ख तत्तमेअं, नव तत्ता लेसओ भणिआ ।।५०।।**

નપુંસક લિંગ સિદ્ધ થોડા છે, સ્ત્રીલિંગે સિદ્ધ અને પુરુષ લિંગે સિદ્ધ અનુક્રમે સંખ્યાતા ગુણ છે એ પ્રમાણે આ મોક્ષ તત્વ છે. નવતત્વો ટૂંકમાં કહ્યા છે.

એક સમયમાં ઉત્કૃષ્ટથી ૧૦ નપુંસક જીવો મોક્ષમાં જઈ શકે છે.

એક સમયમાં ઉત્કૃષ્ટથી ૨૦ સ્ત્રી જીવો મોક્ષમાં જઈ શકે છે.

એક સમયમાં ઉત્કૃષ્ટથી ૧૦૮પુરુષ જીવો મોક્ષમાં જઈ શકે છે.

તેથી નપુંસક લિંગ સિદ્ધ અલ્પ છે... સ્ત્રી લિંગ સિદ્ધ તેથી બમણા (દ્વિ ગુણ) છે તેથી સંખ્યાત ગુણા છે. તેથી પુરુષલિંગ સિદ્ધ સંખ્યાત ગુણા છે.

સિદ્ધના બીજા ભેદોનું અલ્પબહુત્વ.

- ♦જિનસિદ્ધ અલ્પ.... અજિન સિદ્ધ તેથી અસંખ્યાતગુણા છે.
- ♦અતીર્થ સિદ્ધ અલ્પ... તીર્થસિદ્ધ તેથી અસંખ્યાતગુણા છે.
- ♦ગુહસ્થલિંગ સિદ્ધ અલ્પ.... અન્યલિંગસિદ્ધ તેથી સંખ્યાતગુણા...સ્વલિંગ સિદ્ધ તેથી સંખ્યાતગુણા છે.
- ♦સ્વયંબુદ્ધસિદ્ધ અલ્પ... પ્રત્યેકબુદ્ધ સિદ્ધ તેથી સંખ્યાતગુણા... બુદ્ધબોધિત સિદ્ધ તેથી સંખ્યાતગુણા છે.
- ♦અનેક સિદ્ધ અલ્પ.... એક સિદ્ધ તેથી સંખ્યાતગુણા. જાણવા.

એવી રીતે મોક્ષ તત્વ જાણવા યોગ્ય છે. જાણીને એ દિશામાં પ્રયાણ થાય અને આત્મકલ્યાણ સધાય તેવો પુરુષાર્થ કરવા યોગ્ય છે.

# તીર્થંકરોની જીવન યાત્રા

## (શાસનપતિ પ્રભુ મહાવીર )

-અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા.

ચાર જ્ઞાનવાળા પ્રભુ મહાવીરે તરત ત્યાંથી વિહાર કર્યો... જનસમુદાય પ્રભુ નજરે ચડ્યા ત્યાં સુધી જોઇ રહ્યો અને બોલવા લાગ્યો કે, 'હે વીર ! તમારા વિના અમને બધું શૂન્ય અરણ્ય જેવું લાગશે. હવે અમને તમારા સહવાસ વિના કેમ આનંદ થશે? 'હે વીર !, અમારાં નેત્રોને અમૃતાંજન જેવું આપનું પ્રિયદર્શન હવે અમને ક્યારે થાશે ? 'હે વીર ! આપ તો રાગદ્વેષ રહિત છો છતાં, અમને ક્યારેક, યાદ કરી દર્શન આપવા વહેલા વહેલા પધારતા રહેજો.' એવું બોલતો જનસમુદાય વિરહ દુઃખ ધરતો પોતપોતાને સ્થાને ગયો.

ઈન્દ્રાદિદેવોએ દીક્ષા પ્રસંગમાં ગોશીર્ષચંદન વગેરે સુગંધવાળી વસ્તુઓથી પ્રભુને પૂજ્યા હતા, તેની સુગંધ પ્રભુના શરીર ઊપર ચાર માસથી પણ અધિક સમય સુધી રહી હતી. એ દિવ્ય સુગંધથી આકર્ષિત થઇને દૂરદૂરથી પણ ખેંચાઇ આવતા એવા ભમરાઓ પ્રભુને ડંખ દેતા થઇ ગયા. યુવાનો આવી સુગંધ જાણીને પ્રભુ પાસેથી સુગંધી પદાર્થોની માંગણી કરવા લાગ્યા. પરંતુ મૌન ધારીને રહેલા પ્રભુ કંઇ પણ ઉત્તર આપતા નહિ તેથી ગુસ્સે થયેલ યુવાનો પ્રભુને ઊપસર્ગો કરી દુઃખ દેવા લાગ્યા. કેટલીક સ્ત્રીઓ પ્રભુનું અલૌકિકરૂપ, સૌભાગ્ય અને શરીરમાંથી બહેકતી સુગંધને જોઇને ભોગની પ્રાર્થનાદિ કરવારૂપ અનુકૂળ ઉપસર્ગો કરી રહી હતી. પ્રભુ તો મેરુ પર્વત જેવા અચલ રહી સમભાવે બધું જ સહન કરતા વિચરતા રહી બે ઘડી દિવસ બાકી રહ્યો ત્યારે કુમારગામ પાસે આવી રાતે કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા. એ સ્થાને કોઇ ગોવાળીઓ આખો દિવસ હળ ખેડીને બળદોને મૂકી, ગાયો દોહવા ચાલ્યો ગયો. બળદો ત્યાંથી ચરતા ચરતા વનમાં દૂર ચાલ્યા ગયા. ગાયો દોહીને આવેલા ગોવાળીઆએ પ્રભુને પૂછ્યું 'કે હે આર્ય ! મારા બળદો ક્યાં ગયા ? પ્રભુએ મૌન પાળ્યું, એટલે ગોવાળીઆએ વિચાર્યું કે આને ખબર નથી. પછી તે બળદોને શોધવા જંગલમાં ચાલ્યો ગયો, બળદો ચરતા ચરતા પાછલી રાતે પ્રભુ જ્યાં હતા ત્યાંજ આવીને બેઠા, ગોવાળીઓ, પણ આખી રાત બળદોને શોધતો થાકીને પાછો ત્યાંજ આવ્યો તો ત્યાંજ બળદોને બેઠેલા જોયા. તેથી, ક્રોધિત થઇ ગોવાળીઓ 'આ માણસને ખબર હતી છતાં મને આખી રાત જંગલમાં ભટકતો કર્યો... એમ બબડતો બળદોની રાસથી જ પ્રભુજીને મારવા દોડ્યો. અવધિજ્ઞાનના ઉપયોગથી આ વાત જાણીને ત્યાં આવી ઈન્દ્રે ગોવાળીઆને શિક્ષા કરીને પ્રભુને કહ્યું- 'હે પ્રભુ ! તમને બાર વર્ષ સુધી ઘણા ઉપસર્ગો થવાના છે. તેથી આપની સેવા માટે ત્યાં સુધી હું સાથે રહું. પ્રભુએ એને અનુમતિ આપી નહીં. તેથી ઈન્દ્ર મરણાંત કષ્ટ ટાળવા માટે પ્રભુની માસીનો પુત્ર સિદ્ધાર્થ જે વ્યંતર થયેલ હતો તેને આદેશ આપી પોતે સ્વર્ગમાં ગયા.

વિચરતા વિચરતા પ્રભુ મહાવીર દેવ ગંગા નદિના કિનારેથી જતા હતા. ત્યાં ઝીણી માટિમાં પ્રભુના પગલા પડેલા તેમાં ચક્ર, ધ્વજ, અંકુશ, વગેરે અંકિત થયેલા જોઇને પુષ્પ નામના સામુદ્રિકને થયું અહિંથી કોઇ ચક્રવર્તી એકલો જઇ રહેલ છે, તેની પાસે જઇને હું તેની સેવા કરૂં જેથી

મારું દારિદ્રય ચાલ્યું જાય. આવું વિચારી તે શીઘ્રતાથી પ્રભુ પાસે આવ્યો, પરંતુ પ્રભુને જોઇને તેણે વિચાર્યું કે હું અત્યંત કષ્ટ વેઠીને ફોગટ જ સામુદ્રિકશાસ્ત્ર ભણ્યો. આવી રીતે મહાન લક્ષણોને ધરનારા પુરુષ પણ આ રીતે વ્રતકષ્ટ કરતા દેખાય છે તો સામુદ્રિક શાસ્ત્રો બધાં અસત્ય જણાય છે. તેથી એ શાસ્ત્રને પાણીમાં જ નાંખી દઉં, સામુદ્રિક પુષ્પના આ વિચારોને અવધિજ્ઞાનનો ઉપયોગ દેનાર ઈન્દ્રે જાણ્યા કે તરત ત્યાં આવીને પુષ્પને કહેવા લાગ્યા કે–' હે પુષ્પ ! તું સામુદ્રિકશાસ્ત્રના અભ્યાસનો ખેદ ન કર, એ શાસ્ત્રો સાચાં જ છે. આ ઉત્તમ પુરૂષ ત્રણ લોકના નાથ સુરાસુર નરેન્દ્ર પૂજિત છે. થોડા જ કાળમાં કેવળજ્ઞાન પામી તીર્થંકર પરમાત્મા થાશે.

શ્રમણભગવાન શ્રી મહાવીર પ્રભુ સર્વવિરતિ સ્વીકાર્યા બાદ છદ્મસ્થ કાળના લગભગ સાડાબાર વર્ષ સુધી શરીર ઉપરની મમતાને ત્યજીને વિચરતા રહ્યા. એ સમયમાં પ્રભુને જે કોઇ દેવ સંબંધી, મનુષ્ય સંબંધી, અને તિર્યંચ સબંધી ભોગ, પ્રાર્થના વગેરે અનુકૂળ ઉપસર્ગો કે તાડના તર્જનાદિ પ્રતિકૂળ ઉપસર્ગો ઉત્પન્ન થયા તે ઉપસર્ગોને પ્રભુએ ક્રોધ વિના, દીનતા વિના, નિશ્ચલ રહીને નિર્ભયતાથી સહન કર્યા. દેવ, મનુષ્ય, તિર્યંચોએ કરેલા ઉપસર્ગો કેવા થયા અને પ્રભુએ તેને કેવી રીતે રહી સહન કર્યા તેનું અહીં સંક્ષિપ્ત વર્ણન કરે છે.

પ્રભુ પહેલું ચાતુર્માસ મોરાક સંનિવેશથી આવીને શૂલપાણિયક્ષના મંદિરમાં રહ્યા. આ યક્ષ પૂર્વભવમાં ધનદેવ નામના વાણીઆનો બળદ હતો. ધનદેવ પાંચસો ગાડાઓ સાથે નદી ઉતરતો હતો ત્યારે તેના બધાં ગાડાઓ કાદવમાં ખુંચી ગયાં. આ વખતે ઉલ્લસિત વીર્યવાળા એ બળદે દરેક ગાડાની ડાબી બાજુ જોડાઇ ગયો. ખૂંચેલા પાંચસો ગાડાઓને ખેંચી કાઢ્યા. એ કાર્ય કરતાં એના સાંધા તૂટી ગયા. રીબાઇ–રીબાઇ બળદ ભુખ્યો–તરસ્યો મરી ગયો અને વ્યંતર થઇ નગરજનોને હેરાન કરવા લાગ્યો. ગામના લોકોએ એનું મંદિર બનાવ્યું.

શ્રી મહાવીર પ્રભુએ શૂલપાણિ યક્ષને પ્રતિબોધવા પ્રથમનું ચાતુર્માસ તે યક્ષના મંદિરમાંજ કર્યું. લોકોએ પ્રભુને ત્યાં રહેવાની ના કહી છતાં પ્રભુ તે રાત્રિએ તેજ મંદિરમાં રહ્યા, યક્ષે પ્રભુને બીવરાવવા માટે પૃથ્વી પણ ફાટી જાય એવું અટ્ટહાસ્ય કર્યું... હાથી અને સર્પનાં રૂપો કરીને અસહ્ય ઉપસર્ગો કર્યા. એથી પ્રભુ લેશ પણ ક્ષોભ પામ્યા નહીં... પછી તે યક્ષે બીજાનો તો જીવજ જાય તેવી રીતે પ્રભુના મસ્તકમાં, કાનમાં, નાકમાં, આંખમાં, દાંતમાં, પીઠમાં તથા નખ વગેરેમાં અને કુસ્થાનોમાં વેદના ઉપજાવી છતાં પ્રભુને નિષ્કંપ જાણી તે યક્ષ પ્રતિબોધ પામ્યો. આ વખતે પ્રગટ થયેલા સિદ્ધાર્થ વ્યંતરે કહ્યું કે ''અરે દુષ્ટ, પાપી, શૂલપાણિ ! તે ઘણું જ દુષ્ટ કાર્ય કર્યું છે ચોસઠ ઈન્દ્રને પણ પૂજ્ય એવા ત્રિલોકનાથ વીરપ્રભુની મહાઆશાતના કરી છે. જો આ વાત ઈન્દ્ર જાણશે તો તારા સ્થાનનો પણ નાશ કરશે. અને આકરી શિક્ષા કરશે. સિદ્ધાર્થવ્યંતરના આવા વચન સાંભળીને તે યક્ષ બહુ જ ભયભીત થઇ ગયો... અને પોતાના જ અપરાધની ક્ષમા માગી પ્રભુની પૂજા ભક્તિ કરતો પ્રભુ સમક્ષ નૃત્ય કરવા પૂર્વક ગાયન કરવા લાગ્યો.

વિચરતા વિચરતા દયાળુ પ્રભુ કનકખલ તાપસના આશ્રમમાં ચંડકૌશિકને પ્રતિબોધ પમાડવા ગયા..

એ ચંડકૌશિક પૂર્વભવમાં મહાતપસ્વી સાધુ હતો. પારણાના દિવસે કોઇવાર ગોચરીએ જતાં તેમના પગ નીચે દેડકી આવી ગઇ. સાથે રહેલા

સાધુએ તે વિરાધનાને પ્રતિક્રમવા માટે, ઈરિયાવહિ વખતે, ગોચરી આલોવતી વખતે અને સાંજના પ્રતિક્રમણ વખતે એમ ત્રણ વખત સંભારી આપેલ તેથી તે સાધુ ઉપર ગુસ્સે થઇ ગુસ્સાથી તેને મારવા દોડતા એવા તપસ્વી સાધુ વચ્ચે રહેલા થાંભલા સાથે અથડાવાથી મૃત્યુ પામી જ્યોતિષી દેવ થયા. ત્યાંથી ચ્યવી તાપસોના આશ્રમમાં પાંચસો તાપસોનો અધિપતિ ચંડકૌશિક નામે તાપસાગ્રણી થયો. ત્યાં પણ તે પોતાના આશ્રમના વૃક્ષોના ફળોને લેતા રાજકુમારોને કુહાડાથી મારવા દોડ્યો, પરંતુ રસ્તામાં કુવામાં પડી ગયો. પછી મરણ પામીને તેજ આશ્રમમાં પૂર્વભવના નામવાળો એટલે ચંડકૌશિક નામે દષ્ટિવિષ સર્પ થયો. તે સર્પ પ્રભુને કાઉસ્સગ્ગધ્યાને ઉભેલા જોઇ ક્રોધથી ધમધમતો છતો સૂર્ય તરફ જોઇજોઇને પ્રભુ તરફ દષ્ટિજવાલા ફેંકવા લાગ્યો. અને આ પ્રભુ મારા પર ઢળીને પડે નહિ એમ વિચારી પાછો ખસવા લાગ્યો. પરંતુ પ્રભુને નિશ્ચલ જોયા અને ડંખ મારવા છતાં પ્રભુ વ્યાકુળ ન થયા તથા ડંખના સ્થાનથી નીકળતા લોહીને દૂધ સમાન ઉજવલ જોઇ તે પ્રભુની સામે જોઇ રહ્યો. ત્યારે વિસ્મિત અને શાંત થયેલ ચંડકૌશિકને માટે ''બુજઝ બુજઝ ચંડકૌશિક'' એવા ઉદ્‌ગારો પ્રભુના મુખમાંથી નીકળ્યા. તે સાંભળીને જાતિસ્મરણ પામેલા અને પૂર્વભવને જોવાથી પશ્ચાતાપવાળા એવા ચંડકૌશિકે પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપીને વિચાર્યું કે 'અહો ! કરૂણાસમુદ્ર એવા પ્રભુએ મને દુર્ગતિમાં પડતો બચાવી લીધો. પછી અનશન લઇ પંદર દિવસ સુધી પોતાનું મુખ બીલમાં રાખીને સમાધિપૂર્વક રહ્યો. નાગરાજાને આ રીતે પડેલો જોઇ ઘી, દૂધ વેચવા જતી ગોવાલણો ભક્તિપૂર્વક તે નાગની ઘી, દૂધથી પૂજા કરવા લાગી.પછી એ ઘી, દૂધની સુગંધને લીધે કીડીઓના સમૂહ નાગ ઉપર આવીને ડંખ દેવા લાગ્યા તેથી પીડાને અનુભવતો છતાં પ્રભુની અમૃતદષ્ટિથી સિંચન કરાએલો એવો તે નાગ ક્રોધ કર્યા વિના સમાધિપૂર્વક કાલ કરી આઠમા દેવલોકમાં દેવ થયો.

સુરભિપુર પહોંચતાં પહેલાં પ્રભુએ ગંગા નદી ઓળંગવા માટે સિદ્ધ નામના નાવિકની નાવમાં બેસવા પગ મૂક્યો. તે સમયે ઘુવડનો શબ્દ સાંભળીને ક્ષેમિલ નામના નિમિત્તિઆએ કહ્યું કે, આજે આપણને મરણાન્તકષ્ટ આવવાનું છે. પરંતુ આ મહાપુરુષના પ્રભાવથી તે નાશ પામશે. પછી તે નાવ જ્યારે નદીની મધ્યમાં આવી ત્યારે એવું બન્યું કે પ્રભુએ ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં મારેલ સિંહનો જીવ નાગકુમાર ભવનપતિમાં સુદંષ્ટ્ર નામનો દેવ થયો હતો. તેણે પ્રભુને નાવમાં જોઇને પોતાના પૂર્વ ભવનું વેર લેવા નાવને ડુબાડવા માંડી. પરંતુ કંબલ અને સંબલ નામના નાગકુમારના દેવોએ તે જાણીને સુદંષ્ટ્ર દેવને ધમકાવીને ભગાડી દઇ નાવને બચાવી લીધી.

મથુરામાં જિનદાસ નામનો શેઠ હતો. સાધુદાસી નામે તેની પત્ની હતી. એ બન્ને શ્રાવક ધર્મને ચુસ્ત રીતે પાળનારા હતાં. એટલે ખુશ થયેલ ભરવાડભરવાડણે શેઠશેઠાણીએ ના કહ્યા છતાં સમાનવચના નાના અત્યંત સુંદર આકૃતિવાળા બળવાન એવા બે બાલબળદોનેશેઠને ઘેર બાંધી દીધા. પછી શેઠે વિચાર્યું કે આ બળદોને હવે પાછા મોકલશું તો એ બળદો ત્યાં ભાર ઉપાડવા વગેરે કષ્ટ ભોગવશે, તેથી પાછા ન મોકલતાં તે બળદોનું પ્રાસુક એવા ઘાસપાણી વગેરેથી પોષણ કરવા લાગ્યા. આઠમ, પાખીના શેઠશેઠાણી પૌષધ લઇ ધાર્મિક પુસ્તક વાંચતાં હતાં, તે સાંભળીને બળદો પણ ભદ્રિકપરિણામી થઇ જે દિવસે શેઠશેઠાણીનો ઉપવાસ રહેતો તે દિવસે બળદો પણ ઘાસપાણી લેતા નહીં એટલે ઉપવાસી રહેતા. એ પ્રમાણે

કરવાથી તે બળદો શેઠશેઠાણીને અતિશય પ્રિય થયા.

કોઇક દિવસે તે શેઠનો મિત્ર તે બળદોને ઘણા સુંદર અને બળવાન જોઇને શેઠને પૂછ્યા વિનાજ તે બળદોને ભાંડિર વનમાં યક્ષની યાત્રામાં ગાડીમાં જોડીને લઇ ગયો. કદી પણ ગાડીમાં નહીં જોડેલા એવા બળદોને દોડાવવાની શરતોમાં એવા દોડાવ્યા કે તેમના સાંધા તૂટી ગયા. પછી તે બળદોને તે મિત્ર શેઠના ઘરે બાંધી ગયો. બળદોની આવી સ્થિતિ જોઇને શેઠને ઘણું દુઃખ થયું. પછી આંખમાં આંસુ લાવી. શેઠે તે બળદોને પચ્ચક્ખાણ કરાવી નમસ્કાર મહામંત્ર સંભળાવી સારી રીતે નિર્યામણા કરાવી, પછી શુભ ભાવનામાં રહેલા તે બળદો મૃત્યુ પામીને નાગકુમાર નિકાયમાં કંબલ શંબલ દેવ થયા. તેમણે તરત અવધિજ્ઞાનનો ઉપયોગ દેવાથી સુદંષ્ટ્ર દેવ નાવમાં બેઠલા પ્રભુને ઉપસર્ગ કરી રહેલ છે. જાણી ત્યાં આવી સુદંષ્ટ્રને ભગાડી ઉપસર્ગ નિવારી દીધો અને પ્રભુજીનાં ગુણગાન કરી નૃત્યાદિ કરી સુગંધી જલ તથા પુષ્પોની વૃષ્ટિ કરી તે દેવો પોતાને સ્થાન ચાલ્યા ગયા.

પ્રભુ ત્યાંથી વિહાર કરી ગ્રામાક સંન્નિવેશમાં આવ્યા ત્યાં ઉદ્યાપનમાં બિભેલક યક્ષે મહિમા કર્યો, પ્રભુ ત્યાંથી શાલિશીર્ષ ગામે આવ્યા. ત્યાં અત્યંત શીત પડતી હતી. તેવા સમયે પ્રભુ કાયોત્સર્ગે રહ્યા. ત્યારે ત્રિપૃષ્ટવાસુદેવના ભવમાં અપમાનિત થયેલ વિજયવતી નામની રાણી મરીને કેટલાક ભવ ભમીને કટપૂતના નામે વ્યંતરી થઇ હતી. તેણે તાપસીનું રૂપ ધારણ કરી પોતાની જટામાંથી હિમ જેવું ઠંડુ પાણી પ્રભુ ઉપર છાંટવા માંડ્યું. કડકડતી માઘમાસની ટાઢમાં પ્રભુને આ આકરો શીત ઉપસર્ગ થયો એમ છતાં પ્રભુને ધ્યાનમાં નિશ્ચલ જાણી તે વ્યંતરી પ્રભુની ક્ષમા માગીને નમસ્કાર કરી પોતાના સ્થાને ચાલી ગઇ. એવા શીત ઉપસર્ગને સમભાવે સહન કરતા એવા વીરપ્રભુને ત્યારે લોકાવધિજ્ઞાન ઉત્પન્ન થયું. પછી પ્રભુ ભદ્રિકાનગરીએ આવ્યા, ત્યાં ચોમાસી તપ અને અનેક પ્રકારના અભિગ્રહોથી પ્રભુએ છઠ્ઠું ચાતુર્માસ કર્યું. અહીં છ માસે ગોશાળો પ્રભુ પાસે આવ્યા. ચોમાસી તપનું પારણું પ્રભુએ ભદ્રિકાનગરીની બહાર કર્યું. પછી ઉપસર્ગ રહિત એવા મગધદેશમાં પ્રભુએ ઉપસર્ગરહિતપણે વિહાર કરી આલંભિકા નગરીમાં આવી ચોમાસી તપ કરી સાતમું ચાતુર્માસ પૂર્ણ કરી ચોમાસી તપનું પારણં નગરીની બહાર કર્યું.

પ્રભુ કૂર્મગામે ગયાત્યાં વૈશ્યાયન તાપસે પોતાની જટા આતાપના ગ્રહણ કરવા માટે છૂટી મૂકીને મધ્યાહ્ન સમયે સૂર્ય સામે દૃષ્ટિ રાખીને આતાપના લેવાનું ચાલુ રાખેલ ત્યારે સૂર્યના તાપથી તેની જટામાંથી જૂઓ ખરવા માંડી. તે જૂઓને ઉપાડીને તે તાપસ પાછી જટામાં મૂકતો હતો. તે જોઇને ગોશાળાએ તાપસને યૂકાશય્યાતર કહીને ચીડાવવા માંડ્યો. તેથી ગુસ્સે થયેલા તે તાપસે ગોશાળા ઉપર તેજોલેશ્યા મૂકી. પરંતુ કરુણાસમુદ્ર પ્રભુએ તેજોલેશ્યા સામે શીતલેશ્યા મૂકવાથી તેજોલેશ્યા શમી ગઇ, તેથી ગોશાળો બચી ગયો. પ્રભુની અલૌકિક શક્તિ જોઇ તાપસ પ્રભુની ક્ષમા માંગી નમી પડ્યો.

આ તેજોલેશ્યા કેમ પ્રાપ્ત થાય ? એવા ગોશાળાના પ્રશ્નથી અવશ્ય ભાવીભાવના યોગથી સર્પને દૂધ પાવાની પેઠે અનર્થકારી એવી તેજોલેશ્યાની વિધિ સિદ્ધાર્થે કહી કે છમાસ સુધી નિરંતર છઠ્ઠતપ કરી સૂર્યની આતાપના લેતો છતો દરેક પારણે એક મૂઠી અડદના બાકડા તથા એક અંજલિ પ્રમાણ ગરમ પાણીનોઉપયોગ કરે તેને એ છમાસના તપને અંતે તેજોલેશ્યા પ્રાપ્ત થાય.

પછી ત્યાંથી સિદ્ધાર્થપુરે જતાં માર્ગમાં પૂર્વે પ્રભુએ જણાવેલ તલના છોડનો પ્રદેશ આવવાથી ગોશાળાએ તે તલનો છોડ ઊપજ્યો નથી તો તેની એક શીંગમાં સાત તલની વાત શી કરવી ? એમ કહેતાં સિદ્ધાર્થે કહ્યું તેજ આ તલનો છોડ છે અને તેની શીંગમાં સાત તલ થયેલ છે. ગોશાળાએ અવિશ્વાસ રાખીને તપાસ કરતાં તેજ છોડ જણાયો. પછી તેની શીંગને ફોડી જોઇ તો તેમાં સાત તલ જોયા. તેથી તેને થયું કે જે પ્રાણીઓ મરે છે તે જીવો તેજ શરીરમાં પાછા ઉત્પન્ન થાય છે. એથી તેણે પોતાના નિયતિવાદના સિદ્ધાંતને વધારે મજબૂત બનાવ્યો. ત્યાંથી ગોશાળો પ્રભુથી અલગ પડી ગયો અને શ્રાવસ્તીનગરીમાં એક કુંભારની શાળામાં રહી છ માસના છઠ તપ વગેરે વિધિથી તેણે તેજોલેશ્યા સાધી. તથા અષ્ટાંગ નિમિત્તનો અભ્યાસ કરી પોતાને સર્વજ્ઞ તરીકે ઓળખાવા લાગ્યો.

